# પાંદડે પાંદડે જ્યોતિ

## સંક્ષેપ અને સંકલન – મહેશ દવે

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

11 – 11 – 11

http://aksharnaad.com


પાંદડે પાંદડે જ્યોતિ
સંક્ષેપ અને સંકલન
મહેશ દવે

# પરિચય -

પટ્ટશિષ્યે ગુરુજીને ફરિયાદ કરી - 'ગુરુજી, દીક્ષા ગ્રહણ કરવા આવેલો નવો શિષ્ય ઓછી બુદ્ધિ વાળો જણાય છે. હું તેને બ્રહ્મવિદ્યા શિખવાડવા બહુ પ્રયત્ન કરું છું, પણ મીમાંસા, ભાષ્ય આદિ તેને સમજાતું જ નથી.' ગુરુજીએ કહ્યું, 'વત્સ, સામી વ્યક્તિ શીખી ન શકે તેમાં તેની નહીં, શિખવાડનારની ખામી છે. તું એને દ્રષ્ટાંતો, ઉદાહરણો અને કથાઓથી શિખવાડવાનું શરૂ કર. પછી એ મીમાંસાની ઉંચી કક્ષાએ પહોંચી શક્શે. બાળક માતાના હાથ સુધી ન પહોંચી શકે તો માતાએ નીચા વળવું જોઈએ.'

આપણા સંતો અને કોઠાસૂઝવાળા લોકશિક્ષકોએ પ્રજાને આ રીતે જ શિક્ષણ આપ્યું છે. પુરાણકથાઓ, આખ્યાયિકાઓ, બૌદ્ધ કે ઝેન કથાઓ, ખ્રિસ્તી 'પૅરેબલ્સ', સૂફી હિકાયતો જેવા સાહિત્યે લોકશિક્ષણનું ભારે મોટું કામ કર્યું છે. આ પ્રકારના સાહિત્યમાંથી સામુદાયિક શાણપણની વિશાળ સંપત્તિ સરજાઈ છે. તેમાંથી રસપ્રદ કથાઓ વીણી મહેશ દવેએ અહીં બોધકથાઓમાં વણી છે. છેક પુરાણો કે સોલોમનની કથાઓથી માંડી આધુનિક ઘટનાઓ તેમણે કથાઓમાં સમાવી છે. આ વિશાળ વ્યાપ કથાઓના વૈવિધ્યનું માપ આપે છે. સરળ શૈલીમાં લાઘવથી લખવાની તેમને ફાવટ છે. તેમણે એક પાના પર એક જ કથા આપી છે. અકેક પાને અકેક કથા આપવાનો પ્રયોગ તેમણે તેમના પુસ્તક 'પાંદડે પાંદડે

મોતી'માં કર્યો હતો. તેને આદર અને લોકચાહના મળ્યાં હતાં. એક વર્ષના ટૂંકા ગાળામાં એના ચાર મુદ્રણ થઈ ચૂક્યાં છે.

પસંદ કરેલી રમ્ય ગમ્ય કથાઓ મહેશ દવેએ જેમની તેમ મૂકી નથી. તેમણે સંક્ષેપ અને સરળીકરણથી અગમ નિગમની કથાઓને સુગમ કરી આપી છે. દરેક કથાને અંતે સારવી તારવીને સાર આપીને એમણે કથાનો મર્મ ખોલી આપ્યો છે. કથાને પગલે પગલે એમણે અજવાળાં પાથર્યાં છે.

- સુરેશ દલાલ

પ્રસ્તુત પુસ્તક 'પાંદડે પાંદડે જ્યોતિ', એ શ્રી મહેશ દવે દ્વારા સંક્ષેપ, સરળીકરણ અને સંકલન પામેલી અકેક પાનાની બોધપ્રદ અને સુંદર કથાઓનો સંગ્રહ છે. શ્રી મહેશ દવેની આ પુસ્તકોની શૃંખલા પાંદડે પાંદડે મોતી થી શરૂ થયેલી અને આ શૃંખલા ખૂબ પ્રચલિત થઈ વાચકો દ્વારા અનેરા પ્રેમ અને આદરને પામી છે. અક્ષરનાદ પર આ પુસ્તિકા ખૂબ લાંબા સમયથી મૂકાવા માટે તૈયાર હતી, પરંતુ અંગત મુશ્કેલીઓ અને છેલ્લા એક મહીના ઉપરાંતથી સમયની ભારે ખેંચતાણને પગલે તેની પ્રસ્તુતિમાં વિલંબ થયો. અગાઉ એ નવરાત્રી અને પછી દિવાળીના દિવસે મૂકવા માટે પ્રયત્ન કરેલો, પરંતુ ઈ-પુસ્તક સ્વરૂપ આપવામાં થયેલ વિલંબને પગલે તે છેક હવે પ્રસ્તુત થઈ રહી છે.

આ પુસ્તક અક્ષરનાદ પર મૂકવાની તક આપવા બદલ શ્રી મહેશ દવેનો ખૂબ ખૂબ આભાર. આર્થિક હિતો ધ્યાનમાં લીધા વગર ફક્ત સતસાહિત્યનો - પ્રેરણાદાયક અને બોધપ્રદ એવી આ કથાઓનો પ્રસાર થાય એવા શુભ હેતુથી પુસ્તક તદ્દન નિઃશુલ્ક પ્રસ્તુત કરી વહેંચવાની આવી તક આપવા બદલ અક્ષરનાદના સમગ્ર વાચક પરિવાર વતી તેમનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ, સંપાદક

# અનુક્રમણિકા

[1] મધ્યમમાર્ગ ........ 14

[2] અંતરની શાંતિ ........ 18

[3] દુર્ભાગ્ય કે સદભાગ્ય ........ 22

[4] અંતરનું સૌંદર્ય ........ 26

[5] આનંદ ત્યાં ઈશ્વર ........ 30

[6] પ્રાર્થના પાછળની ભાવના ........ 35

[7] 'હું' અને 'મારું' પતન નોતરે છે. ........ 40

[8] શાણપણની સમજણ ........................................................................ 44

[9] તરસ્યા કૂતરાએ બતાવેલો માર્ગ .............................................................. 49

[10] શરીર અને મન ........................................................................ 53

[11] ધર્મસાહિત્ય અને માનવસેવા .............................................................. 57

[12] ન્યાયને બદલે પ્રેમ ........................................................................ 61

[13] ઉત્તમ ધર્મની શોધ ........................................................................ 65

[14] ભ્રમ અને સત્ય ........................................................................ 69

[15] સાચી ભક્તિ ........................................................................ 74

[16] પ્રાર્થનામાં એકાગ્રતા ........ 78

[17] શાણપણની કસોટી ........ 83

[18] છતી આંખે આંધળા ........ 86

[19] ઈશ્વરપ્રેમ ........ 90

[20] ઉદાર થવાનાં જોખમો ........ 93

[21] બંધિયારને બદલે નવલદ્રષ્ટિ ........ 97

[22] ત્રણ બહેરા અને એક મૂંગો ........ 101

[23] જાદુઈ અશ્વ ........ 106

[24] શુભસંદેશ ........ 109

[25] સલાહની નિરર્થકતા ........ 113

[26] આદર ને આચાર ........ 118

[27] કામ સારું ક્યારે બને? ........ 121

[28] અભિગ્રહ પૂર્વગ્રહથી અર્થઘટન ........ 124

[29] આદર, પ્રેમ ત્યાં આનંદ ........ 129

[30] ગુરુ અને અનુયાયીઓ ........ 134

[31] ઈશ્વરનાં વચન અને માનવકલ્યાણ ........ 137

[32] મૂળ ઉદ્દેશનું વિસ્મરણ ........ 141

[33] સાક્ષાત્કાર ........ 146

[34] સંત અને જનસમુદાય ........ 150

[35] સર્વ પર એકસરખી કૃપા ........ 155

[36] સારો માણસ, ક્રોધી સંત ........ 159

[37] લાયકાતની કસોટી ........ 163

[38] વળગણ અને સમજણ ........ 168

[39] ઋણાનુબંધ ........ 173

[40] વૈરાગ્ય અને સંસાર ........................................................ 177

[41] ઇશ્વરની મદદ ........................................................ 182

[43] વૃત્તિ અને પ્રવૃત્તિ ........................................................ 191

[44] અધ્યાત્મનો સર્વાંગી માર્ગ ........................................................ 195

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ ........................................................ 200

# [1] મધ્યમમાર્ગ

ભગવાન બુદ્ધનો ઉપદેશ બહુ પ્રભાવશાળી હતો. તેમનો ઉપદેશ સાંભળી ઘણાં યુવાનો સંસાર ત્યજી દેતાં. બૌદ્ધ ધર્મ અંગીકાર કરતા અને સંઘમાં જોડાતાં. આ રીતે એક યુવાન સંઘમાં જોડાયો. સંઘમાં જોડાયો તે પહેલા યુવાને સંગીતની ભારે સાધના કરી હતી. સંગીતમાં એ નિપુણ થયો હતો, પણ સંસાર છોડવા સાથે તેણે સંગીત પણ છોડી દીધું.

સંગીત ત્યજી દેનાર આ યુવાનની વાત ભગવાન બુદ્ધને કાને આવી. ભગવાન બુદ્ધ ઉત્તમ ગુરુ અને ઉપદેશક તો હતા જ, તે ઉપરાંત તેઓ

ઉંચી કોટિના કલાકાર અને કલામર્મજ્ઞ પણ હતાં. તેમણે સંગીતની તાલીમ લીધી હતી અને તેઓ ઘણાં વાજિંત્રો વગાડી શક્તાં. ભગવાન બુદ્ધ પેલા યુવાન કલાકારના નિવાસસ્થાને ગયા. યુવાનના ઘરની દીવાલ પર વીણા લટકતી હતી. વીણા પર ધૂળ ચડી ગઈ હતી. ભગવાન બુદ્ધે વીણા તરફ આંગળી ચીંધી અને પૂછ્યું, ‘આ વીણા હું વગાડી શકું?’ યુવાનને આશ્ચર્ય થયું. તેણે વીણા ઉતારી, તેના પરની ધૂળ ઝાટકીને વીણા સાફ કરી અને વીણા ભગવાનના હાથમાં મૂકી.

ભગવાન બુદ્ધે વીણા આમતેમ ફેરવી અને પછી એના તાર ઢીલા કરવા માંડ્યા, તાર એટલા બધા ઢીલા કર્યા કે તે લગભગ લબડવા લાગ્યા.

યુવાનનો સંગીતજ્ઞ જીવ કકળી ઊઠ્યો. એણે વ્યગ્ર થઈ કહ્યું, 'ભગવંત, તાર આટલા ઢીલા હોય તો વીણા વાગી ન શકે. તાર તંગ હોવા જોઈએ.' ભગવાને ચાવીઓ ફેરવીને તાર તંગ કરવા માંડ્યા. એમણે તાર એટલા બધા તંગ કર્યા કે યુવાનને લાગ્યું કે તાર હમણાં જ બટકી જશે. એ બોલી પડ્યો, 'ભગવંત, હવે રહેવા દો, તાર તુટી જશે. તાર આટલા બધા તંગ હોય તો વીણા બરાબર વાગી ન શકે.'

ભગવાન બુદ્ધે સ્મિત કર્યું, 'ભાઈ, તાર એકદમ ઢીલા હોય તો વીણા વાગી ન શકે, તાર અત્યંત તંગ હોય તોય વીણા વાગી ન શકે. તાર મધ્યમસર તંગ હોય તો જ વીણા બરાબર વાગી શકે. આત્યંતિક માર્ગ ખોટો છે.

મધ્યમ માર્ગ જ અપનાવવો જોઈએ. જીવન-પોષક અને નિર્દોષ આનંદો છોડવાનું મેં કદી કહ્યું નથી. મધ્યમસર આનંદો સેવવામાં કશું ખોટું નથી.'

સંસારનો આત્યંતિક ત્યાગ કરી કષ્ટ વેઠવું ખોટું છે. એ જ રીતે પૂરેપૂરા રચ્યાપચ્યા રહી સંસારમાં ગરકાવ થઈ જવું તે પણ ખોટું છે. વિવેકપૂર્વક મધ્યમ માર્ગે ચાલવું એમાં જ શ્રેય છે.

## [2] અંતરની શાંતિ

સંધ્યા થવા આવી. ધીમે ધીમે સાંજનું અંધારું આશ્રમ પર ઊતરી રહ્યું હતું. આશ્રમમાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. ગુરુ મુક્તાનંદના પટ્ટશિષ્ય અભેદાનંદનો સાયંપ્રાર્થનાનો સમય થઈ ગયો હતો. સંધ્યા-પ્રાર્થના સમયે એમને પૂર્ણ શાંતિ જોઈએ. સ્નાન કરીને અભેદાનંદ આવી ગયા. શરીર પર પવિત્ર રેશમી પીતાંબર અને શ્વેત ઉત્તરીય શોભતાં હતાં.

મંદિરમાં વિરાજેલા ભગવાન શિવ સામે અભેદાનંદે આસન પર સ્થાન ગ્રહણ કર્યું. જળ-આચમન ઇત્યાદિ વિધિ પૂરી કરી અભેદાનંદે શ્લોકોનું

સ્તવન શરૂ કર્યું. એટલામાં મંદિરના ગોખમાં બેઠેલાં બે કબૂતરોએ તેમનું ‘ઘૂ..ઘૂ..’ ચાલુ કર્યું. મંદિરની શાંતિ ડહોળાઈ ગઈ. અભેદાનંદ એકદમ ગુસ્સે થઈ ઊઠ્યા ને ગર્જ્યા, ‘કોણ છે અહીંયાં! ઉડાડી મૂકો પેલાં કબૂતરોને!’

અભેદાનંદની ગર્જનાથી જ જાણે કબૂતરો ચૂપ થઈ ગયાં. તોય શિષ્યોએ ઊઠીને કબૂતરોને ઉડાડી મૂક્યાં. અભેદાનંદ સ્તવનોનું ગાન પાછું શરૂ કરવા જતા હતા ત્યાં જ ગુરુ મુક્તાનંદ પ્રવેશ્યા. એમણે શાંતિથી કહ્યું,

'અભેદાનંદ, કદાચ એવું પણ બને કે ઈશ્વર કબૂતરોના 'ઘૂ..ઘૂ..' થી પ્રસન્ન થતાં હોય.'

અભેદાનંદથી રહેવાયું નહીં. એણે પ્રતિવાદ કર્યો, 'ગુરુદેવ, ક્યાં દેવવાણીમાં થતું શ્લોકોનું સ્તવન અને ક્યાં કબૂતરોનું કર્કશ 'ઘૂ.. ઘૂ..' ?'

ગુરુદેવે સ્મિત કર્યું. 'અભેદાનંદ, આપણને શી ખબર? 'ઘૂ.. ઘૂ..' એ કદાચ કબૂતરોની પ્રાર્થના પણ હોય. કોઈ પણ પશુ કે પંખીને ઈશ્વરે અમસ્તું તો નહીં જ બનાવ્યું હોય. એને સ્વર નકામો તો નહીં જ બક્ષ્યો હોય. એ એની રીતે જીવે છે અને એને આપેલી શક્તિ મુજબ પ્રાર્થના કરે છે, આપણે

આપણાં ધ્યાન અને શાંતિમાં મગ્ન રહી આપણી પ્રાર્થના કરવાની.’ ગુરુ વિદાય થયા. અભેદાનંદે મસ્તક નમાવ્યું અને પછી સ્તવનગાન ફરી ચાલુ કર્યું.

ઈશ્વરે એકલા મનુષ્ય માટે સૃષ્ટિ નથી બનાવી. વિશ્વની રચના સર્વ જીવો માટે કરવામાં આવી છે. ખરી શાંતિ અંદરના ધ્યાનની છે. અન્ય જીવોના બાહ્ય અવાજોથી એ ખંડિત ન થવી જોઈએ.

## [3] દુર્ભાગ્ય કે સદભાગ્ય

ચીનની એક લોકકથા છે. એક ઘરડો ખેડૂત હતો. એની પાસે એના જેવો જ એક ઘરડો ઘોડો હતો. એ ઘરડો ઘોડો ખેડૂત માટે બહુ ઉપયોગી હતો. ઘોડા વડે ખેડૂત એનું ખેતર ખેડતો અને જે અનાજ ઊપજે તેમાંથી નિર્વાહ ચલાવતો.

એક દિવસ ખેડૂતનો ઘોડો તબેલામાંથી નાસી ગયો. ઘોડો ડુંગરાઓમાં અદ્રશ્ય થઈ ગયો. આડોશપાડોશના લોકોને ખેડૂત માટે બહુ સહાનુભૂતિ થઈ. એક પછી એક સૌ ઘરડા ખેડૂત પાસે ગયા અને આશ્વાસન આપવા

માંડ્યા, ‘બહુ ખોટું થયું... હવે ખેતર કેવી રીતે ખેડશો? તમારા પર મોટું દુર્ભાગ્ય આવી પડ્યું.’

ખેડૂત સમતાથી કહેતો, ‘થયું તે થયું, સારું શું ને નરસું શું? કોને દુર્ભાગ્ય ગણવું અને કોને સદભાગ્ય કહેવું એની કોને ખબર છે?’

અઠવાડીયા પછી ખેડૂતનો ઘોડો પાછો આવ્યો. એની સાથે એ જંગલી ઘોડાઓનું ટોળું લઈ આવ્યો હતો. પાડોશીઓએ હવે ખેડૂતને અભિનંદન આપ્યાં. તેમણે તેમનો આનંદ વ્યક્ત કર્યો અને ઘરડા ખેડૂતને કહ્યું કે તે સદભાગી છે. ઘરડા ખેડૂતે પહેલાંની જેમ જ કહ્યું, ‘ભાઈઓ, શાનો આનંદ

મનાવવો અને શાનું દુ:ખ લગાડવું એ કોણ કહી શકે એમ છે? કઈ બાબતને સદભાગ્ય કહેવું અને કઈ બાબતને દુર્ભાગ્ય ગણવું એ કહી શકાય એવું નથી.’

થોડો સમય ગયો ને ઘરડા ખેડૂતનો છોકરો જંગલી ઘોડાને પલોટતાં ઘોડા પરથી પડી ગયો. તેના પગનું હાડકું ભાંગી ગયું. પાડોશીઓ દુ:ખ વ્યક્ત કરવા આવ્યા, ‘અરેરે, જુવાન છોકરાનો પગ ભાંગી ગયો. કેવું દુર્ભાગ્ય? હવે તો બે એક મહિનાનો ખાટલો!’ ઘરડા ખેડૂતે તો પોતાની એ જ વાત દોહરાવી, ‘કોને ખબર આની પાછળ શો સંકેત હશે? આ સદભાગ્ય છે કે દુર્ભાગ્ય તે તો કાળના ગર્ભમાં છુપાયેલું છે. વખત જતાં જ ખબર પડશે.’

એટલામાં રાજ્યને પાડોશી રાજ્ય સાથે યુદ્ધ થયું. રાજાએ રાજ્યમાંના બધા સશક્ત યુવાનોને સૈન્યમાં ભરતી કરવા પોલીસોને મોકલ્યા. પોલીસો ઘરડા ખેડૂતને ત્યાં પણ આવ્યા. ખેડૂતનો પુત્ર યુવાન હતો તેથી સામાન્ય સંજોગોમાં ભરતી કરવામાં આવ્યો હોત, પણ તેનો પગ ભાંગ્યો હતો તેથી તે પથારીવશ હતો. આથી તેને ભરતીને લાયક ગણવામાં ન આવ્યો. આમ ઘરડા ખેડૂતનો છોકરો બચી ગયો.

માણસ તરતનું પરિણામ જ જુએ છે. ભાવિના ગર્ભમાં શુભ કે અશુભ શું સમાયેલું હશે તેનો વિચાર કરતો નથી. સુખ લાગે ત્યારે છકી જાય છે, દુ:ખ દેખાય ત્યારે ઈશ્વરને ગાળો આપે છે. ખરેખર તો સમતા રાખવી

જોઈએ. સદનસીબમાંથી બદનસીબ અને બદનસીબમાંથી સદનસીબ એમ દુર્ભાગ્ય અને સદભાગ્યનું ચક્ર તો ચાલ્યાં જ કરે છે.

## [4] અંતરનું સૌંદર્ય

અમેરીકન ગૃહસ્થ રૉબર્ટ બાલ્ટીમોરમાં રહેતા હતાં. એમના ઘરની સામે જ જહૉન હોપકિંસ હોસ્પિટલ હતી. એક મોડી સાંજે તેમના બારણે ટકોરા પડ્યા. બારણું ઉઘડ્યું તો એક બહુ જ બેડોળ દેખાતો વૃદ્ધ ઊભો હતો. વૃદ્ધના શરીરનો વિકાસ કુંઠાયેલો હતો, ચામડી તતડેલી હતી અને ચહેરાનો એક બાજુ સૂજેલો ભાગ મોટો દેખાતો હતો, પણ વૃદ્ધનો અવાજ

મીઠો હતો. એણે કહ્યું, ‘સાહેબ, એક રાત માટે રહેવનો બંદોબસ્ત થઈ શક્શે? હૉસ્પિટલમાં મારા નિયમિત વારા પ્રમાણે હું બતાવવા આવ્યો હતો. દૂર દરિયાકિનારાના ગામે રહું છું. ત્યાંની બસ છેક સવારે જ મળે છે.’ રૉબર્ટના મનમાં સહેજ અવઢવ થઈ ત્યાં વૃદ્ધે કહ્યું, ‘હું બપોરથી જગા શોધું છું, પણ મને લાગે છે કે મારા દેખાવને કારણે મને કોઈ રાતવાસો રાખતું નથી. વાંધો નહીં, ઈશ્વરનો પાડ માનો કે ડૉક્ટર કહે છે કે થોડાક મહિનામાં હું સારો થઈ જઈશ. વરંડાની ખુરશી જોઈ વૃદ્ધે કહ્યું, ‘આ ખુરશીમાં પડી રહેવા દેશો તોય હું રાત ખેંચી કાઢીશ.’

રૉબર્ટનું હૃદય વલખ્યું. છોકરાઓના રૂમમાં વધારાનો ફોલ્ડિંગ ખાટલો ઢાળી વૃદ્ધની વ્યવસ્થા કરી. વાત વાતમાં વૃદ્ધે કહ્યું, ‘હું માછીમારીનું કામ કરું છું ને ભગવાનનો પાડ માનો કે નાની વાડી પણ છે.’ તેને તેની દીકરી, જમાઈ અને બાળકોને નિભાવવાં પડતાપડતાં હતાં. જમાઈ કરોડરજ્જુની બીમારીને કારણે પથારીવશ હતા, પણ ‘ભગવાનનો પાડ માનો કે’ એની પીડા થતી નહોતી. બાળકો નાનાં હતાં, પણ ‘’ભગવાનનો પાડ માનો કે’ ભણવામાં હોંશિયાર હતાં, કાલે મોટાં થઈ જશે. રૉબર્ટે સવારે ઊઠીને જોયું તો વૃદ્ધ ઊઠી ગયો હતો, ચાદર અને રજાઈ તેણે સરસ રીતે સંકેલી મૂક્યાં હતાં અને ગાદલું ને ખાતલો વાળી લીધાં હતાં. રૉબર્ટે બ્રેકફાસ્ટ માટે આગ્રહ કર્યો. વૃદ્ધે વિવેકથી ના પાડી, પણ કહ્યું, ‘બીજી વાર

આવું ત્યારે જરૂર પડે તો રહેવા માટે સગવડ આપજો. તમારાં બાળકો સાથે મને ફાવી ગયું. ઘર જેવું લાગ્યું, મોટેરાંઓને મારો દેખાવ નડતો હશે, પણ પ્રભુનો પાડ માનો કે બાળકોને એનું કંઈ નહીં.' વૃદ્ધના મોંમાંથી ઈશ્વરનું નામ સૂકાતું નહોતું.

બીજી વાર વૃદ્ધ આવ્યો ત્યારે રૉબર્ટના ઘર માટે તાજી માછલી લઈ આવ્યો હતો. અને બાળકોના રમવા માટે જાતજાતનાં છીપલાં લાવ્યો હતો. પછી તો અવારનવાર એ આવતો અને વાડીનાં શાકભાજી કે ફળ લાવતો. વૃદ્ધનું હાડ નાનું હતું પણ તે હાડની ભીતરનું હ્રદય વિશાળ હતું. રૉબર્ટને તેના મિત્રનાં પત્ની યાદ આવ્યાં. તેમણે તૂટેલી પાણીની ડોલમાં સેવંતીનો

સુંદર છોડ ઉગાડ્યો હતો. કહ્યું હતું, 'મારી પાસે કુંડા ખૂટી પડ્યાં ને આ સેવંતીનો છોડ ખૂબ જ સુંદર હતો એટલે નકામી ડોલમાં એ રોપી દીધો.'

ગમે તે સ્થિતિમાં ઈશ્વરનો પાડ માનવો એ વિરલ વાત છે. મહત્વ બેડોળ માળખાનું નથી, તેની અંદર રહેલા આંતરસૌંદર્યનું છે.

## [5] આનંદ ત્યાં ઈશ્વર

યહૂદી પ્રજા શનિવારને અઠવાડિયાનો છેલ્લો દિવસ ગણે છે. તે દિવસે કામ નહીં કરવાનું. રજા રાખવાની. પહેલાંના સમયમાં તો એ દિવસે

હયૂદીઓ આનંદપ્રમોદ કરતા. પણ સમય વીતતો ગયો તેમ તેમ જુદા જુદા ધર્મગુરુઓ ‘સબ્બાથ’ અથવા તો રજાના એ દિવસે જાત જાતની ક્રિયાઓ અને વિધિવિધાન પાળવાના નિયમો દાખલ કરતા ગયા. એ નિયમો પાળવામાં કોઈ ચૂકે તો તેને ઈશ્વર સજા કરશે એવા ફતવા પણ એમણે કાઢ્યા. એનું પરિણામ એ આવ્યું કે લોકો નિયમ પ્રમાણેની ક્રિયાઓમાં જ અટવાઈ ગયા. ભૂલેચૂકે કોઈક નિયમનો ભંગ થઈ જશે એવા ડરથી બધા ઘરમાં જ ગોંધાઈ રહેવા લાગ્યા. આનંદપ્રમોદનો ખ્યાલ અદ્રશ્ય થઈ ગયો.

રજાના દિવસે લોકો આનંદ કરવાને બદલે સોગિયા થઈ ઘરમાં બેસી રહેતા. એ જોઈને એક સુધારાવાદી ધર્મગુરુને આશ્ચર્ય થયું. આ વિષયમાં તેમણે ઘણો વિચાર કર્યો. એક રાતે તેમને સપનું આવ્યું. સપનામાં ઈશ્વરના દૂત આવ્યા અને ધર્મગુરુને સ્વર્ગમાં લઈ ગયાં. સ્વર્ગમાં ધર્મગુરુએ સિંહાસન જેવી સુશોભિત બે ખુરશીઓ જોઈ. બંને ખુરશીઓ ખાલી હતી. ધર્મગુરુએ દેવદૂતને પૂછ્યું, 'એ બે ખુરશીઓ કોને માટે છે?' દેવદૂતે કહ્યું, "'એક ખુરશી જેને માટે છે તેનું સરનામું તને આપું છું. તેને જઈને મળજે. તેને મળ્યા પછી તું બુદ્ધિપૂર્વક વર્તીશ તો બીજી ખુરશી તારે માટે.'

પછી દેવદૂત ધર્મગુરુને નરક જોવા લઈ ગયાં. ત્યાં પણ બે ખુરશીઓ ખાલી હતી. એ ખુરશીઓ કોને માટે છે તે વિશે ધર્મગુરુએ દેવદૂતને પૂછ્યું. તેમાંની એક ખુરશી જેને માટે હતી તેનું સરનામું દેવદૂતે ધર્મગુરુને આપ્યું અને કહ્યું, ‘એને મળજે અને મળ્યા પછી તું બુદ્ધિ નહીં વાપરે તો બીજી ખુરશી તારા માટે.’

સ્વર્ગમાં જેને સ્થાન મળવાનું હતું તેને ધર્મગુરુ મળ્યા. એ માણસ બિનયહૂદીઓ વચ્ચે રહેતો હતો અને શનિવારે બિનયહૂદીઓ સાથે મળી ખૂબ મોજમજા કરતો હતો. ધર્મગુરુએ તેને શનિવારે આનંદપ્રમોદ કરવાનું કારણ પૂછ્યું, તેણે જવાબ આપ્યો, ‘હું નાનો હતો ત્યારે મારી બા શનિવારે

સારું સારું ખાવાનું બનાવતી અને આજુબાજુવાળાઓને ઉજાણી કરવા નોતરી મજા કરાવતી. મેં એ શિરસ્તો ચાલુ રાખ્યો છે.'

તે પછી ધર્મગુરુ જેનું સ્થાન નરકમાં ખાલી હતું તેને જઈને મળ્યા. એ માણસ શનિવારના નિયમોનું ચુસ્ત પાલન કરતો હતો. રખેને કોઈ નિયમનો ભંગ થઈ જાય એ માટે તે સત્તત ધ્યાન રાખતો હતો. એને કારણે એ ચિંતા અને વ્યગ્રતામાં જીવતો હતો.

સપના પરથી ધર્મગુરુ સમજ્યા, સાત્વિક આનંદ છે ત્યાં સ્વર્ગ છે. નિયમોની ગુલામી છે ત્યાં ભય અને વ્યગ્રતા છે. ધર્મગુરુએ બુદ્ધિ વાપરી,

નિરર્થક નિયમોની આળપંપાળ ફગાવી આનંદપ્રમોદમાં જીવવાનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

આનંદ છે ત્યાં ઈશ્વર છે. ખોટા નિયમોને કારણે ભય અને વ્યગ્રતા છે તે જ નરક છે.

## [6] પ્રાર્થના પાછળની ભાવના

ઓછું ભણેલા એક ગરીબ ખેડૂતે નિત્ય-નિયમ રાખ્યો હતો; સાંજ પડે ત્યારે ચૂક્યા વગર ઈશ્વરને પ્રાર્થના કરવી. એની પાસે પ્રાર્થનાનું એક પુસ્તક

હતું. તેમાંથી રોજ સાંજે એ પ્રાર્થના વાંચતો, પ્રાર્થના પૂરી થાય એટલે ઈશ્વરને નમન કરતો.

એક દિવસ ખેડૂતને બીજે ગામ જવાનું થયું. સાંજ સુધીમાં એ ઘરે આવી જવાનો હતો. પાછાં ફરતાં રસ્તામાં ખેડૂતના ગાડાની ધરી તૂટી ગઈ. ધરી સમી કરતા રાત પડી જાય તેમ હતી. ખેડૂત મૂંઝાયો. સાંજની પ્રાર્થના કેવી રીતે કરવી? એકે પ્રાર્થના એને મોઢે નહોતી. અને પ્રાર્થનાનું પુસ્તક તો ઘરે પડ્યું હતું. હવેથી પ્રાર્થનાનું પુસ્તક હંમેશા સાથે રાખવું એમ એણે નક્કી કર્યું, પણ આજે શું કરવું તેની ચિંતા હતી.

અંતે ખેડૂતે ઉપાય શોધ્યો. બારાખડીના મૂળાક્ષરો એ પાંચ વાર બોલી ગયો અને ઈશ્વરને વિનંતિ કરી, કહે, ઈશ્વર, હું પ્રાર્થનાનું પુસ્તક લાવ્યો નથી, એકે પ્રાર્થના મને મોઢે નથી. તને તો બધી પ્રાર્થનાઓ આવડે છે. મેં ઉચ્ચારેલા બધા અક્ષરોને પ્રાર્થનાના શબ્દોમાં ગોઠવી તું મારી પ્રાર્થના સાંભળી લેજે અને મારી આજની પ્રાર્થના પહોંચી એમ ગણી લેજે, એટલું કહી એણે રોજની જેમ ઈશ્વરને નમન કર્યા.

એ રાતે ઈશ્વરે એના દૂતોને કહ્યું, 'આજે સાંભળેલી બધી પ્રાર્થનાઓમાં પેલા ગરીબ ખેડૂતની પ્રાર્થના શ્રેષ્ઠ છે કારણકે એ ખરા હ્રદયથી બોલાયેલી સરળ અને સચ્ચાઈ ભરેલી પ્રાર્થના હતી.

ખાણમાં કામ કરતાં ખાણિયાઓના ગામમાં એક જ મોચી હતો. મોચીને ધર્મગુરુએ કહેલું કે સવારે કૂકડો બોલે ત્યારે તેણે ઈશ્વરને પ્રાર્થના કરવી. મોચી રોજ એટલો વહેલો ઉઠી શક્તો નહોતો. સવારની પ્રાર્થના રહી જતી હતી. તેણે ધર્મગુરુને જઈને વાત કરી, ‘સાહેબ, આ ખાણિયાઓને કામ કરવા માટે ખાસ પ્રકારના જોડા પહેરવા પડે છે. તે જોડા વારંવાર ફાટી જતા હોય છે. મારે રાતોરાત તેમના ફાટેલા જોડા સીવી આપવા પડે છે, કારણકે તેમની પાસે જોડાની બીજી જોડ હોતી નથી અને જોડા વગર તેમનું કામ થઈ શકે એવું નથી. રાતે જ તેમના જોડા ન સીવું તો બીજા દિવસની તેમની મજૂરી જાય. મોડી રાત સુધી કામ કરવાને કારણે હું વહેલો ઊઠી પ્રાર્થના કરી શક્તો નથી. તો મારે શું કરવું?’

ધર્મગુરુએ પૂછ્યું, ‘અત્યારે તું શો ઉપાય કરે છે?’

મોચીએ કહ્યું, ‘વહેલા ન ઉઠાય તે દિવસે મને ભારે પસ્તાવો થાય છે અને મારા મોંમાંથી નિસાસો નીકળી જાય છે.’ ધર્મગુરુએ કહ્યું, ‘તારો એ નિસાસો એ જ તારી શ્રેષ્ઠ પ્રાર્થના છે.’

પ્રાર્થનાના શબ્દો, તેનો સમય કે ક્રિયાકાંડ મહત્વના નથી, પ્રાર્થના પાછળની ભાવના મહત્વની છે.

## [7] 'હું' અને 'મારું' પતન નોતરે છે.

ખ્રિસ્તી, ઈસ્લામ ઈત્યાદિ ધર્મો 'ડુમ્સ ડે' કે કયામતના દિવસમાં માન્યતા ધરાવે છે. તે માન્યતા અનુસાર મૃત્યુ પામેલા તમામ મનુષ્યોને કયામતના દિવસે એકઠા કરવામા આવે છે અને તેમનો ન્યાય તોળવામાં આવે છે. પુણ્ય કર્યાં હોય તેમને જન્નત એટલે કે સ્વર્ગ મળે અને પાપ કર્યાં હોય તેમને જહન્નમ એટલે કે નરક મળે.

એક ખ્રિસ્તી વૃદ્ધા મૃત્યુ પામી. કયામતને દિવસે ન્યાયાધીશે વૃદ્ધાનો હિસાબ જોવા માંડ્યો. વૃદ્ધાએ કોઈ પાપ કર્યું જણાતું નહોતું. પણ પુણ્યનું કાર્ય પણ દેખાતું નહોતું. તપાસતાં તપાસતાં એક પુણ્યનું કામ મળી આવ્યું. ભૂખથી

મરી રહેલા એક ભિખારીને તે વૃદ્ધ ખ્રિસ્તી સ્ત્રીએ ખાવા માટે પ્રેમથી એક ગાજર આપ્યું હતું. પ્રેમથી કરવામાં આવેલા એકાદ પુણ્યકાર્યથી પણ સ્વર્ગ મળે છે. તેથી વૃદ્ધાને સ્વર્ગમાં જવાનો પરવાનો મળ્યો.

ન્યાયની અદાલતમાં ગાજર લાવવામાં આવ્યું. ન્યાયાધીશે વૃદ્ધાને એ ગાજર ઝાલવાનું કહ્યું. વૃદ્ધાએ જેવું ગાજર ઝાલ્યું કે ગાજર હવામાં ઊડવા માંડ્યું. જાણે કોઈ મજબૂત તારથી ગાજરને બાંધ્યુ હોય અને એ તાર ગાજરને આકાશ તરફ ખેંચતો હોય તેમ ગાજર ઉપર ને ઉપર આકાશ તરફ ચડવા માંડ્યું. તેની સાથે સાથે વૃદ્ધા પણ ઉપર આકાશ તરફ સફર કરવા માંડી.

આ રીતે ગાજર સાથે વૃદ્ધાનું ઊર્ધ્વગમન શરૂ થયું ત્યારે તેના ગાઉનની કિનાર એક ભિખારીએ પકડી. તે પણ વૃદ્ધાની સાથે ઉપર ચડવા લાગ્યો. ભિખારીનો ઝભ્ભો બીજા એક માણસે પકડ્યો. એ પણ આકાશ ભણી ગતિ કરવા લાગ્યો. એમ એક પછી એક માણસો આગળનાનું વસ્ત્ર પકડવા માંડ્યા અને આ રીતે ઉપર જનારાઓની લંગાર લાગી ગઈ. ખૂબીની વાત એ હતી કે વૃદ્ધાને કોઈનું વજન વર્તાતું નહોતું. તેની આંખો તો આકાશમાંના સ્વર્ગને ટાંપી રહી હતી. તેની સાથે ખેંચાઈને ઉપર ચડી રહેલા બીજા માણસો પર એનું ધ્યાન જ નહોતું.

સ્વર્ગની સાવ નજીક આવી ગઈ ત્યારે વૃદ્ધાની નજર નીચે ધરતી તરફ ગઈ. એણે જોયું કે તેને વળગીને બીજા કેટલાય સ્વર્ગ ભણી ચડી રહ્યા હતાં. આ રીતે ઉપર ચડનારા સૌ પર વૃદ્ધાને ભારે ગુસ્સો ચડ્યો. એણે એક મોટા કઠોર અવાજે બૂમ પાડી, 'હટો.. હટો... બધાય હટી જાવ. આ ગાજર તો મારું છે.' 'હટો હટૉ...'એમ કહેતા વૃદ્ધાએ પોતાના હાથ વડે બધાને દૂર હટાવવાની ચેષ્ટા કરી અને તેના હાથમાંથી ગાજર છૂટી ગયું. વૃદ્ધા સહિત બધાં નીચે પૃથ્વી પર પટકાઈ પડ્યાં.

'આ મારું છે, આ મારું છે' એ જ બધા અનિષ્ટોનું મૂળ છે. 'મારું મારું' કરવાથી પતન થાય છે.

## [8] શાણપણની સમજણ

જંગલો અને ડુંગરાઓનાં અંતરિયાળ પ્રદેશમાં એક ગામ હતું. ગામ એટલું ઊંડાણમાં હતું કે કોઈ મોટા શહેર કે નગર સાથે એને સંપર્ક નહોતો. ગામમાં નહોતી કોઈ શાળા કે નહોતી ભણવાની બીજી સગવડ. ગામની વસતી સાવ અભણ હતી. પ્રાથમિક કક્ષાની ખેતી કરી લોકો અનાજ પકવતા અને પેટ ભરતા. અજ્ઞાનને કારણે પ્રજા અબુધ હતી અને તેમનામાં રાક્ષસ, ભૂત પ્રેત જેવી ખોટી માન્યતાઓ પહેલેથી ચાલી આવી હતી.

એક દિવસ ગામમાં અચાનક એક ભણેલો માણસ આવી ચડ્યો. તેના આવ્યાના બીજા દિવસે તેણે અજબ દ્રશ્ય જોયું. ઘઉંના ખેતરમાંથી ઘઉં વાઢતા માણસોને એણે ભયભીત થઈ નાસતા જોયા. તેણે માણસોને રોક્યા અને પૂછ્યું, 'તમે શા માટે નાસી રહ્યા છો?' ભાગનારામાંથી એક રોકાયો અને કહ્યું, 'ખેતરમાં રાક્ષસ કે ભૂત જેવું કંઈક છે તેનાથી બચવા અમે નાસી રહ્યા છીએ.'

ભણેલો માણસ રાક્ષસો કે ભૂતમાં વિશ્વાસ ધરાવતો નહોતો. એણે ઉભા રહેલા માણસને પૂછ્યું, 'ક્યાં છે રાક્ષસ? બતાવ મને.' ખેતરના છેડે ઉભા રહી પેલા માણસે લીલા કાળા રંગનો, જમીન પર પડેલો મોટો દડા જેવો

ગોળો બતાવ્યો. ભણેલો માણસ મનોમન હસી પડ્યો. એણે જોયું કે પેલો માણસ બતાવી રહ્યો હતો એ તરબૂચ હતું. ભણેલા માણસે કહ્યું, 'આ રાક્ષસથી ડરશો નહીં, એનો હું વધ કરી નાંખીશ પછી તમે તમારુ અનાજ લણવાનું કામ શાંતિથી કરી શક્શો.' આમ જણાવી તે માણસે ડીંટામાંથી તરબૂચ તોડી નાંખ્યુ. તેણે તરબૂચ કાપી લઈ તેની એક ચીરી ખાઈ બતાવી.

ગામલોકોને પહેલા તો અચંબો થયો, પછી તેમને પેલા માણસ ઉપર શંકા-કુશંકા થઈ. તેમને લાગ્યું કે આ માણસ કોઈ રાક્ષસયોનિનો જ લાગે

છે. તેથી જ તેણે નાના રાક્ષસનો વધ કરી તેનો ભક્ષ કર્યો છે. આથી ગામલોકોએ ભેગા મળી તે માણસને મારી નાખ્યો.

થોડા સમય પછી બીજો એક માણસ ગામમાં આવી ચડ્યો, એ ભણેલો હતો અને સાથે ગણેલો પણ હતો. લોકો ઘઉંના ખેતરમાં જતા નહોતા એ વિશેની વાત એણે જાણી. તરબૂચના બિયાંમાંથી ઊગેલાં બીજાં તરબૂચ પણ તેણે જોયા. આખી વાત તે સમજી ગયો. તેણે એવું દેખાડ્યું કે ગામલોકો જેવો ડર તેને પણ લાગ્યો છે. ગામમાં રહી ધીરે ધીરે એણે ગામલોકોને શાકભાજી રોપતા, ફળ ફૂલ ઉગાડતા અને બીજું નવું નવું

શીખવ્યું. પછી તરબૂચ વિશે પણ સાચી માહિતિ આપી. એ માણસ ગામલોકોના આદર અને પ્રેમ મેળવી શક્યો.

સાચી માહિતી ધીમે ધીમે આપવી જોઈએ અને ગળે ઉતારવી જોઈએ. જ્ઞાન આપ્યા વગર એકાએક ચમત્કારનો ભાવ ઉભો કરવાથી સરવાળે નુકસાન થાય છે. માણસો સાથે ઘરોબો કેળવી શીખવો તો બહુમાન મળે છે.

# [9] તરસ્યા કૂતરાએ બતાવેલો માર્ગ

શિબ્લિ નામના મુમુક્ષુએ ઘણાં તપ, ધ્યાન, યોગ ઈત્યાદિ સાધનાનાં કામ કર્યાં, પણ એમને ઈશ્વર પ્રાપ્તિ થતી નહોતી. એક દિવસ ફરતાં ફરતાં એ એક તળાવ નજીક પહોંચ્યા. ત્યાં તેમણે એક દ્રશ્ય જોયું અને એમને એકાએક સાચો રસ્તો જડી ગયો. એ ભાવવિભોર થઈ ગયા. તેમની સાથે વિહરનારા સાધકોએ તેમના આનંદનું કારણ પૂછ્યું. શિબ્લિએ કહ્યું, ‘મને સાચો માર્ગ મળી ગયો.’ એમની સાથેના સાધકોએ પૂછ્યું.

‘તમને માર્ગ કેવી રીતે મળ્યો? કોની પાસેથી માર્ગ મળ્યો?’

શિબ્લિએ જવાબ આપ્યો, 'નિશ્ચિંત મને ફરતાં ફરતાં મેં એક દ્રશ્ય જોયું, એ દ્રશ્યે મારે માટે રસ્તો ખોલી આપ્યો. એક કૂતરાએ મને માર્ગ બતાવ્યો.'

'કૂતરાએ?' સાથીદારોને આશ્ચર્ય થયું.

શિબ્લિએ કહ્યું, 'હા, કૂતરાએ. હું ભ્રમણ કરતો કરતો એક તળાવ પાસે પહોંચ્યો. કિનારા પર એક કૂતરો ઊભો હતો. બિચારો ખૂબ તરસ્યો હતો. પાણી પાસે જ હતું, પણ એ પી શક્તો નહોતો.'

'પાણી પાસે જ હોય તો પીવામાં કેટલી વાર?' સાથીઓએ સવાલ કર્યો.

'એ જ વાત છે ને! તૃષા હોય, પાણી પાસે હોય અને છતાંય હોઠ અને જળ વચ્ચે વિઘ્નો નડે છે. કૂતરો પાણી પીવા માટે જ્યારે જ્યારે નીચે તળાવમાં જોતો હતો ત્યારે ત્યારે તેને પાણીમાં પોતાનું પ્રતિબિંબ દેખાતું હતું. પ્રતિબિંબને એ બીજો કૂતરો માની લેતો હતો. કૂતરા કૂતરા વચ્ચે વૈમનસ્ય જાણીતું છે. એક કૂતરો બીજા કૂતરાને પોતાના પ્રદેશમાં આવવા દેતો નથી. તરસ્યા કૂતરાને ભય હતો કે એ પાણીમાં મોં નાંખશે કે તરત બીજો કૂતરો તેના પર હુમલો કરશે.' ઘટનાને આગળ વર્ણવતા શિબ્લિએ કહ્યું, 'આમ ને આમ ઘણો સમય વીતી ગયો. તરસ્યા કૂતરાથી હવે રહેવાયું નહીં. એણે ભય ત્યજી પાણીમાં ઝંપલાવ્યું. જેવો એ પાણીમાં ખાબક્યો કે તરત સામેનો બીજો કૂતરો અદ્રશ્ય થઈ ગયો.'

‘કૂતરાનું વિઘ્ન કૂતરો પોતે જ હતો. એના પ્રતિબિંબ અને એને જે જોઈતું હતું એ બે વચ્ચે અંતરાયની દિવાલ હતી.  તે દિવાલ હટી જતાં કૂતરાની દુ:ખમુક્તિ થઈ. મને કૂતરાએ માર્ગ દેખાડ્યો. મારી મુક્તિના માર્ગમાં મારું સ્વત્વ જ નડતું હતું. એ દૂર કરવું એ જ સાચો માર્ગ છે.’ તે પછી શિબ્લિ સૂફી સંત તરીકે મશહૂર થયા.

મુક્તિ માટે તરસ જોઈએ અને તરસ છિપાવવા માટે પોતાના શરીરને પોતાની જાત માનવાનું છોડી દેવું જોઈએ. શરીર એ તો પ્રતિબિંબ છે. પ્રતિબિંબ ત્યજી સત્યતત્ત્વમાં ભળવાનું છે.

# [10] શરીર અને મન

નગરમાં એક સાધુ પુરુષ રહેતા હતા. એ પોતાની જાતને શુદ્ધ રાખતા. માંસાહાર તો નહોતા જ કરતાં. પણ કાંદા-લસણ પણ ન ખાતા. એમને કોઈ વ્યસન નહોતું. સવાર, બપોર, સાંજ એમ ત્રિસંધ્યા કરતા. સમાજમાં પણ એમનું બહુ માન હતું. ઘણા રાજવીઓ અને મહાનુભાવો તેમના શિષ્ય હતા. સાધુપુરુષ રહેતા હતા તે ઘરની બરાબર સામે જ એક ગણિકાનું ઘર હતું વચ્ચે માત્ર ગલીનો રસ્તો હતો. સાધુપુરુષનું ધ્યાન અવારનવાર સામેના ઘરની બારીએ જતું. ગણિકા ત્યાં ગાતી, નૃત્ય કરતી, ગ્રાહકો સાથે ચેનચાળા કરતી અને એમ ને એમ ધંધો ચલાવતી.

સાધુપુરુષને બહુ ચીડ ચડતી. એ મનોમન વિચારતા, ‘કેવી હલકટ ને દુષ્ટ બાઈ છે! જરાય લાજ શરમ વગર એ પોતાનું શરીર વેચે છે.’ કંઈ કામ ન હોય ત્યારે ગણિકા પણ બારીએથી સાધુપુરુષને જોઈ રહેતી. તે વિચારતી, ‘કેવા શુદ્ધ અને પવિત્ર છે આ સાધુપુરુષ, કેવું ધર્મમય જીવન જીવી રહ્યા છે એ!’

કાળક્રમે સાધુપુરુષ દેવ થયા અને બીજી બાજુ ગણિકાનું પણ મૃત્યુ થયું. બંને પરલોક સિધાવ્યા. સાધુપુરુષના મૃતદેહને તેમના અનુયાયીઓએ શણગાર્યો, તેના પર ફૂલો બિછાવ્યાં, વાજતે ગાજતે મૃતદેહને સ્મશાને લઈ ગયા અને ચંદનના કાષ્ઠથી તેમના દેહને અગ્નિદાહ દીધો. ગણિકાના

મૃતદેહની કોઈએ દરકાર ન કરી. તેનો મૃતદેહ સડતો રહ્યો. દુર્ગંધ ફેલાવા માંડી ત્યારે નગરપાલિકાના માણસો આવ્યા, મૃતદેહને ઘસડી ગયા અને કશાય વિધિ વગર મૃતદેહને અવાવરું જગ્યાએ દાટ્યો.

સાધુપુરુષ અને ગણિકાના જીવાત્માઓ પરલોકના દ્વારે આવ્યા. ધર્મરાજના હિસાબનિશોએ ચોપડામાં હિસાબ જોયો અને પછી સાધુપુરુષના જીવાત્માને નરકમાં અને ગણિકાના જીવાત્માને સ્વર્ગમાં લઈ જવાનો હુકમ કર્યો. સાધુપુરુષે બરાડો પાડ્યો, 'આ કેવો અન્યાય! આ હલકટ સ્ત્રીને સ્વર્ગ અને મારા જેવા શુદ્ધ પુરુષને નરક?'

હિસાબનીશે કહ્યું, ‘હે સાધુપુરુષ, તમે ભારે શરીર-શુદ્ધિ જાળવી. એના બદલામાં તમારા શરીરને સારી રીતે ચંદનના કાષ્ઠથી અગ્નિદાહ મળ્યો. પણ તમારા મનથી હંમેશા તમે આ ગણિકાને અપશબ્દોથી નવાજતા રહ્યા. તેથી તમારા જીવાત્માને નરક મળે છે. આ ગણિકાએ શરીરનો વેપાર કર્યો તેથી તેના શરીરની અવગતિ થઈ, પણ મનથી એ હંમેશા તમારાં ગુણગાન ગાતી રહી તેથી તેને સ્વર્ગ મળે છે.’

અપશબ્દો કે ટીકાઓથી આપણે બીજાઓને વખોડતા રહીએ તેના સંસ્કાર આપણા આત્મા પર પડે છે અને આત્મા ક્લુષિત થાય છે. બીજાઓને

સારા ગણીને તેમનાં ગુણગાન કરવાથી આત્મા ઉદાત્ત બને છે. મહત્ત્વ શરીરનું નહીં, મન અને આત્માનું છે.

## [11] ધર્મસાહિત્ય અને માનવસેવા

બૌદ્ધ ધર્મનો ઉદભવ ભારતમાં થયો. બૌદ્ધ ધર્મનું બધું સાહિત્ય ભારતની પ્રાચીન પાલિ ભાષામં સચવાયેલું છે. પાલિમાં બૌદ્ધ ધર્મમાં હજારો ધર્મસૂત્રો રચાયાં છે. પાછળથી બૌદ્ધ ધર્મ ચીન અને જાપાનમાં ફેલાયો અને ફૂલ્યો ફાલ્યો. બૌદ્ધ ધર્મનાં સૂત્રોનો અનુવાદ ચીની ભાષામાં થયો અને છપાયો, પણ જાપાની ભાષામાં અનુવાદ બાકી હતો.

બૌદ્ધ ધર્મની ઝેન શાખાના પ્રખર અભ્યાસી ટેટસુજને તમામ મૂળ ધર્મસૂત્રોનો જાપાની ભાષામાં અનુવાદ કરવાનો અને છપાવવાનો નિર્ધાર કર્યો. કામ ભારે મોટું, જહેમતવાળું અને ખર્ચાળ હતું. અનુવાદ કરાવવા અને છાપવા માટે ખૂબ ધન જોઈએ. ટેટસુજને આખાય જાપાનમાં ફરી ટહેલ નાંખી. ધનવાનોએ મોટી રકમો આપી પણ મોટા ભાગનું નાની નાની રકમોથી ભેગું થયું.

ટેટસુજન પાસે પૂરતું ધન એકઠું થયું એટલે એમણે અનુવાદ અને છપાઈ માટે તૈયારી કરવા માંડી. એટલામાંજ જાપાનની ઉજી નદીમાં મોટું પૂર આવ્યું. હજારો લોકો ઘરબાર વિનાનાં થઈ ગયાં. તેમના ખાવા-પીવા અને

રહેવાની વ્યવસ્થા કરવી પડે એમ હતી. અનુવાદનું કામ બાજુએ મૂકી ટેટસુજને અસર પામેલા લોકોના પુનર્વસનનું કામ ઉપાડ્યું, એકઠી થયેલી બધી રકમ એ કામ માટે વાપરી નાંખી.

નિરાધાર થયેલા લોકોનો પ્રશ્ન થાળે પડ્યો એટલે ટેટસુજને પોતે કરેલા નિર્ધાર પ્રમાણે કામ કરવા વળી કમર કસી. ફરી આખા જાપાનમાં ફર્યા અને જોઈતી રકમ એકઠી કરી. બરાબર એ જ સમયે જાપાનમાં ભયાનક રોગચાળો ફાટી નીકળ્યો. મહામારીથી કેટલાય કુટુંબોને અસર થઈ. તેમને ઉગારવા અને મદદ કરવાના કામમાં ટેટસુજન લાગી ગયાં. એકઠી કરેલી બધી રકમ એમાં વપરાઈ ગઈ.

ટેટસુજન ફરી આખાય જાપાનમાં ફર્યા અને ધર્મસૂત્રોના અનુવાદ છપાવવા માટે નાણાં ઉઘરાવ્યા. આ વખતે તેમનું અનુવાદ કરવાનું અને છપાવવાનું સપનું સિદ્ધ થયું. અનુવાદો પહેલી જ વખત છપાયા, પણ જાપાનના લોકો તેને અનુવાદની ત્રીજી આવૃત્તિ જ ગણે છે. પહેલી બે આવૃત્તિઓ માનવસેવા રૂપે થઈ હતી.

જ્ઞાન, અભ્યાસ, સાહિત્ય એ સારી અને મહત્વની બાબતો છે, પણ જીવન એના કરતાં પણ મહાન છે. જીવન અને માનવસેવા એ ધર્મ અને સાહિત્ય સર્જવા બરાબર છે.

# [12] ન્યાયને બદલે પ્રેમ

કાગળની શોધ થઈ નહોતી એ સમયની વાત છે. એ દિવસોમાં ચર્મપત્ર પર લખવામાં આવતું. એક ધર્મગુરુએ ચર્મપત્રો પર બાઈબલનો ઉપદેશ લખી એ ચર્મપત્રોનું સુંદર પુસ્તક બનાવ્યું. આવા સરસ પુસ્તકની કિંમત વીસ સોનામહોર જેટલી થાય. રોજ રાત્રે ધર્મગુરુ એ પુસ્તકનું વાચન કરતા.

એક દિવસ એક ઓળખીતો વેપારી ધર્મગુરુને મળવા આવ્યો. સરસ રીતે બાંધેલું ચર્મપત્રોનું પેલું સુંદર પુસ્તક એણે જોયું. પુસ્તકથી એ બહુ

પ્રભાવિત થયો. કંઈક કામ માતે ધર્મગુરુ અંદરના ખંડમાં ગયા ત્યારે પેલા વેપારીએ પુસ્તક પોતાના થેલામાં સરકાવી દીધું. ધર્મગુરુ અંદરના ખંડમાંથી બહાર આવ્યા પછી તેમની રજા લઈ વેપારી વિદાય થયો.

ધર્મવાચન માટે રાત્રે ધર્મગુરુએ પેલું પુસ્તક શોધ્યું. પુસ્તક તેના સ્થાને કે ઘરમાં બીજે ક્યાંય મળ્યું નહીં. ધર્મગુરુ સમજી ગયા કે પેલો ઓળખીતો વેપારી પુસ્તક ઉપાડી ગયો છે. પણ તેમણે ફરિયાદ કરી નહીં. ચોરી ઉપરાંત વેપારી જુઠાણાનું પણ પાપ વહોરે એવું ધર્મગુરુ ઈચ્છતા નહોતા.

પુસ્તક વેચવા માટે પેલો વેપારી નજીકના શહેરમાં પહોંચ્યો. શહેરના દુકાનદારને પેલું પુસ્તક ગમ્યું. તેણે કિંમત પૂછી. વેપારીએ કિંમત તરીકે અઢાર સોનામહોર માગી. દુકાનદાર પુસ્તક ખરીદવા માંગતો હતો પણ તેણે કહ્યું કે એક દિવસ માટે પુસ્તક એ રાખશે અને જાણકાર માણસ પાસે તેનું મૂલ્ય જાણી પછી પુસ્તક ખરીદશે. વેપારી કબૂલ થયો.

પેલા ધર્મગુરુ પાસે જ દુકાનદાર પુસ્તક બતાવવા લઈ ગયો અને પૂછ્યું કે પુસ્તક અઢાર સોનામહોરમાં ખરીદવું વાજબી છે કે કેમ? ધર્મગુરુએ જણાવ્યું કે પુસ્તકની એટલી કિંમત યોગ્ય છે. બીજે દિવસે દુકાનદારે અઢાર સોનામહોરમાં એ પુસ્તક ખરીદવાની તૈયારી બતાવી. વેપારીએ

દુકાનદારને પૂછ્યું, ‘તમે પુસ્તક કોને બતાવવા લઈ ગયા હતાં?’ દુકાનદારે ધર્મગુરુનું નામ આપ્યું અને કહ્યું કે ધર્મગુરુએ અઢાર સોનામહોરને યોગ્ય કિંમત બતાવી છે. વેપારી આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે પૂછ્યું, ‘ધર્મગુરુએ બીજુ કાંઈ કહ્યું ખરું?’ દુકાનદારે ના પાડી. હવે વેપારીએ કહ્યું કે એ પુસ્તક વેચવા માગતો નથી.

પુસ્તક લઈ વેપારી ધર્મગુરુ પાસે ગયો, માફી માગી અને પુસ્તક પાછું આપવા માંડ્યો. તેમણે પુસ્તક લેવાની ના પાડી, પણ વેપારીએ પરાણે પુસ્તક પરત કર્યું અને તેમનો શિષ્ય થઈ તેમની સેવામાં રહેવા લાગ્યો.

ગુના માટે માણસને સજા કરવામાં આવે તો ન્યાય થાય ખરો, પણ માણસ સુધરે નહીં. સજાને બદલે પ્રેમથી માફી આપવામાં આવે તો માણસ પસ્તાય અને સુધરે.

## [13] ઉત્તમ ધર્મની શોધ

એક રાજા પાસે ધન, સામર્થ્ય, ઐશ્વર્ય એવી તમામ દુન્યવી સંપત્તિ હતી. તેમને ધર્મમય જીવન ગાળવાની લગની લાગી હતી. આ માટે તેમણે સૌથી ઉત્તમ હોય તેવા ધર્મની શોધ કરવા માંડી. તેમણે જુદા જુદા ધર્મશાસ્ત્રો વાંચ્યા પણ કયો ધર્મ ઉત્તમ એ વિશે એ નિર્ણય કરી શક્યા

નહીં. આથી તેમણે જુદા જુદા ધર્મોના વિદ્વાનો, શાસ્ત્રકારો અને પંડિતોને બોલાવ્યા.

દરેક ધર્મના જ્ઞાનીઓએ પોતાનો જ ધર્મ સર્વોત્તમ છે એવું ભારપૂર્વક કહ્યું. તે માટે તેમણે દાખલા દલીલો કરી. પંડિતો એકબીજા સાથે વાદવિવાદમાં ઉતરી પડ્યા. પોતાના ધર્મને શ્રેષ્ઠ ઠરાવવા એમની રજૂઆતો ઉગ્ર થતી ગઈ અને અંતે તેઓ એકબીજા સામે ગાળાગાળી અને મારામારી ઉપર આવી ગયા. રાજાને સમજાયું કે આવા લોકોનો ધર્મ ઉત્તમ હોઈ શકે નહીં એટલે એમણે પંડિતોને વિદાય કરી દીધા.

નિરાશ વદને રાજા નદીને કિનારે સૂનમૂન બેઠા હતા. ત્યાં એક સાધુ આવી ચડ્યા. સાધુએ રાજાને પૂછ્યું, ‘કેમ ગમગીન થઈને બેઠા છો?’

રાજાએ સાધુની આંખમાં નવી જ ચમક નિહાળી. રાજાએ ઉત્તમ ધર્મની શોધ અને તેમાં મળેલી નિષ્ફળતાની પોતાની વાત કહી. સાધુએ હસીને રાજાને કહ્યું, ‘રાજન, તમારી શોધ જ ખોટી હતી. ધર્મ હોય છે, પણ ઉત્તમ ધર્મ જેવું કશું હોતું નથી. બધા ધર્મો સમાન છે. તમે જે બધા પંડિતોને મળ્યા એ સંપ્રદાયના પંડિતો હતા, ધર્મના પંડિતો નહોતા. સંપ્રદાય સંપ્રદાય વચ્ચે તકરાર હોય છે, ધર્મ ધર્મ વચ્ચે તકરાર હોતી નથી. આપણી પ્રકૃતિને અનુકૂળ આવે તે ધર્મ આપણે માટે ઉત્તમ.’

રાજાએ પૂછ્યું, 'મારે માટે કયો ધર્મ ઉત્તમ છે?'

સાધુએ કહ્યું, 'આ નદીને સામે કિનારે જઈએ. ત્યાં તમારો ધર્મ બતાવું.'

સામે કિનારે જવા રાજાએ હોડી મગાવી. સાધુએ તે હોડીમાં ખામી બતાવી. રાજાએ બીજી હોડી મગાવી, પણ સાધુ દરેક હોડીમાં ખામી બતાવતા ગયા. અંતે રાજાએ કંટાળીને કહ્યું, 'સાધુ મહારાજ, સામો કિનારો આટલો નજીક છે કે આપણે જાતે તરીને જઈ શકીએ. આ બધી હોડીઓમાં નકામી ખામી કાઢો છો.'

સાધુએ કહ્યું, 'એ જ સાચી વાત છે. આપણો ધર્મ આપણે જાતે જ શોધવાનો છે, સહાય માટે કોઈ હોડીની જરૂર નથી.'

સંપ્રદાયોની વાડાબંધી ત્યજી આપણા અંતરાત્માથી શોધીએ તો સાચો ધર્મ મળી રહે છે.

## [14] ભ્રમ અને સત્ય

ગામમાં એક ગોવાળિયો હતો. રઘુ એનું નામ. રઘુનું ઝૂંપડું અને વાડો ગામને છેવાડે હતાં. વગડો નજીક હતો. રઘુ પાસે દસ ગાય હતી. ગાયોને

એ વાડામાં ખીલે બાંધતો. રઘુ સવારે ઊઠે, ગાયો દોહે, ગામમાં દૂધ વેચી આવે અને પછી જમી-કરીને ગાયોને વગડામાં ચરાવવા લઈ જાય. સાંજે આવી ફરી ગાયો દોહે, દૂધ વેચી આવે અને મંદિરમાં દર્શન કરી, મંદિરના મહારાજ પાસે બે શબ્દ સાંભળી ઘરે પાછો આવી જાય. રાતે બધી ગાયોને એ વાડામાં ખીલે બાંધી દેતો જેથી કોઈ ગાય બહાર જતી ન રહે. બહાર વગડામાં હિંસક પ્રાણીઓ ગાયને મારી નાખે એવો ભય રહેતો.

એક રાતે રઘુએ નવ ગાયોને ખીલે બાંધી, પણ દસમી ગાયને બાંધવા ગયો તો ત્યાં દોરડું જ ન મળે. કૂતરું દોરડું તાણી ગયું કે પછી વાંદરું દોરડું ઉપાડી ગયું હોય. જે હોય તે, પણ દોરડા વગર ગાયને બાંધવી

કેવી રીતે ? રાત પડી ગઈ હતી. દુકાનો બધી બંધ હોય. ગામમાંય સૌ જંપી ગયા હોય. રઘુ તો મૂંઝાયો. મંદિરના મહારાજ મોડી રાત સુધી ભજનો ગાતા. તેથી રઘુએ મંદિરમાં મહારાજ પાસે જવાનું નક્કી કર્યું. એને ખાતરી હતી કે મહારાજ જરૂર સાચી સલાહ આપશે ને કંઈક માર્ગ કાઢશે.

રઘુ મહારાજ પાસે પહોંચ્યો. બધી વાત કરી અને સલાહ માગી. મહારાજે થોડી વાર વિચાર કર્યો, પછી કહ્યું : ‘રઘુ, એક રસ્તો છે – જાણે તું ગાયને રોજની જેમ દોરડાથી બાંધતો હોય એવી રીતે હાથની ચેષ્ટાઓ કરજે. એટલે કે ગાયને બાંધતો હોય તેવો દેખાવ કરવાનો. પછી ગાય એની જગાએથી નહીં હલે.’

ઘરે જઈ રઘુએ પહેલાં તો ગાયને ગળે દોરડું નાખતો હોય, પછી બેસીને ખીલે દોરડું બાંધતો હોય એવો અભિનય કર્યો. સવારે ઊઠીને જોયું તો પૂંછડી ઉછાળી માખો ઉડાડતી ગાય તેના સ્થાને જ ઊભી હતી ! રોજની જેમ ગાયોને દોહી, દૂધ વેચી, જમી કરી રઘુએ નવ ગાયોને છોડી અને ગાયો ચરાવવા જવા માંડ્યું. દસમી ગાયને છોડવાપણું હતું નહીં કારણકે એને તો દોરડાથી બાંધી જ નહોતી. બધી ગાયો ચાલવા માંડી, પણ દસમી ગાય એના ખીલે જ ઊભી રહી, ટસ કે મસ થઈ જ નહીં. હવે રઘુને સમજાયું. એણે દસમી ગાય પાસે જઈ જાણે એને ખીલેથી છોડતો હોય એવો દેખાવ કર્યો. તે પછી જ એ દસમી ગાય બીજી ગાયો પાછળ ચાલવા માંડી.

અબુધ પ્રાણી જ નહીં મનુષ્ય પણ ટેવવશ ભરમાય છે. ભ્રમને સત્ય માની વર્તે છે. માણસનું શરીર અને આત્મા જુદા છે, જીવ અને આત્મા એકબીજાથી મુક્ત છે, પણ જીવ અને શરીર સાથે આત્મા બંધાયેલો છે એવો ભ્રમ સેવી તેમને વળગેલી માયા સત્ય છે એમ માની માણસ આત્માને બંધાયેલો માને છે. યોગ્ય ગુરુની સાચી સલાહ અને આચાર થકી આત્માને મુક્ત ગણવાનો છે.

## [15] સાચી ભક્તિ

નારદ કૃષ્ણના ભારે મોટા ભક્ત હતા. હરિ પ્રત્યે તેમની ભક્તિ એટલી તીવ્ર હતી કે એ માનતા કે એમના જેવો પ્રગાઢ હરિભક્ત બીજો કોઈ નથી. ભગવાન કૃષ્ણે નારદના મનનો ભાવ વાંચી લીધો. મહર્ષિનું અભિમાન ઉતારવાનું એમણે નક્કી કર્યું. નારદને એમણે સૂચવ્યું, 'મહર્ષિ, ગંગા નદીને કિનારે સુવર્ણપુર નામે એક ગામ છે. ત્યાં કાળુ નામનો મારો એક ભક્ત રહે છે. તમે થોડો સમય એમની સાથે રહો તો તમને કંઈક નવું જાણવા મળશે.'

નારદ તો ઊપડ્યા સુવર્ણપુર ને પહોંચ્યા કાળુ પાસે. તેમણે કાળુની દિનચર્યા જોવા માંડી. કાળુ સવારે વહેલો ઊઠતો. ઊઠીને એક જ વાર હરિનું નામ બોલતો. પછી હળ લઈ ખેતરે જતો. આખો દિવસ ખેતરમાં કામ કરતો. રાતે સૂતી વખતે ફરી એક વાર એ હરિનું નામ લેતો. નારદને થયું, ‘હરિભક્તિ એટલે શું એ આ ગામડિયો શું જાણે ? આખા દિવસમાં બે જ વાર હરિનું સ્મરણ કરે છે અને આખો દિવસ તેનાં દુનિયાદારીનાં કામોમાં રચ્યોપચ્યો રહે છે.’ કાળુ સાથે એક દિવસ કાઢી નારદ તો પહોંચ્યા પાછા હરિ પાસે.

હવે હરિએ નારદને કહ્યું : 'મહર્ષિ, એક પવાલું લઈ છલોછલ દૂધથી ભરો. દૂધથી ભરેલું એ પવાલું લઈ આખા ગામની પ્રદક્ષિણા કરી પાછા આવો. દૂધનું એક પણ ટીપું નીચે ઢોળાવું ન જોઈએ.' નારદે તે પ્રમાણે કર્યું અને પાછા આવ્યા. હરિએ નારદને પૂછ્યું : 'મહર્ષિ, ગામની પ્રદક્ષિણા કરતાં કરતાં તમે કેટલી વાર મારું સ્મરણ કર્યું ?'

થાકી ગયેલા નારદે જવાબ આપ્યો, 'એક વાર પણ નહીં. કેવી રીતે તમારું સ્મરણ કરું? દૂધનું પવાલું છલકાય નહીં ને દૂધનું ટીપું ઢોળાય નહીં એ માટે આખો વખત મારું ધ્યાન દૂધના પવાલા પર જ હતું.

હરિએ કહ્યું, ‘નારદ, તમારું સઘળું ધ્યાન પવાલા પર જ કેન્દ્રિત રહ્યું અને તેથી તમે મને તો સાવ ભૂલી જ ગયા. હવે પેલા ખેડૂત કાળુને જુઓ. પોતાના કુટુંબ અને સંસારની જવાબદારી નિભાવવા આખોય દિવસ એ કામમાં મચ્યો રહે છે, મહેનત કરે છે. રોજ એ ચક્ર ચાલ્યા કરે છે, છતાં દિવસમાં બે વાર મારું સ્મરણ કરવાનું એ ચૂકતો નથી. એનું નામ ભક્તિ.’

નારદને સમજાઈ ગયું. તેમનું ભક્ત તરીકેનું અભિમાન ઉતારવા હરિએ પદાર્થપાઠ આપ્યો હતો. ભક્તિનુંય અભિમાન સારું નહીં. કેટલી વાર નામ-સ્મરણ કર્યું કે કેવાં પૂજન-અર્ચન, વિધિ-વિધાન કે પ્રસાદ વગેરે કર્યાં

એનું મહત્વ નથી. દુનિયાદારી નિભાવતાં નિભાવતાંય હરિ-સ્મરણ માટે થોડો સમય કાઢી લેવો તેમાં સાચી ભક્તિ છે.

## [16] પ્રાર્થનામાં એકાગ્રતા

બાદશાહ અકબર ચુસ્ત મુસ્લિમ હતા. નમાઝના સમયે અચૂક નમાઝ પઢતા. એક વાર એ જંગલમાં શિકાર કરવા નીકળ્યા. શિકારની શોધમાં ને શોધમાં સાંજ પડી ગઈ. સાંજના નમાઝ પઢવાનો સમય થયો. બાદશાહ તેમના અશ્વ પરથી નીચે ઉતર્યા. હાથ-મોં ધોયાં, નાની સાદડી જેવી

ચાદર બિછાવી અને ઘૂંટણીયે પડી નમાઝની મુદ્રામાં શરીર કમાનની જેમ વાળી નમાઝ પઢવા લાગ્યા.

બાદશાહ નમાઝ પઢતા હતા તે સમયે એક ખેડૂતની સ્ત્રી હાંફળી ફાંફળી દોડતી દોડતી નીકળી. તેનો પતિ સવારનો ગયો હતો અને સાંજ પડી છતાં બપોરે જમવા પણ નહોતો આવ્યો. ચિંતાને કારણે ખેડૂત સ્ત્રી બેબાકળી થઈ ગઈ હતી. તેને આજુબાજુનું ભાન નહોતું. નમીને નીચે વળેલા બાદશાહનું તેને કંઈ ધ્યાન ન રહ્યું. તેમની સાથે અથડાઈને એ એક બાજુ ઉથલી પડી, પણ બાદશાહની માફી માગ્યા વગર કે કંઈ પણ બોલ્યા વગર તે તરત જ ઉભી થઈ અને પોતાના પતિની શોધમાં આગળ

ને આગળ ચાલી નીકળી. નમાઝમાં ખલેલ પાડવા માટે બાદશાહ ગુસ્સે તો થયા પણ નમાઝ પઢવાના નિયમ પ્રમાણે નમાઝ દરમ્યાન કશું પણ બોલવાનું તેમણે ટાળ્યું.

બાદશાહની નમાઝ પૂરી થઈ અને એ ઉભા થયા, બરાબર એ જ સમયે પેલી ખેડૂત સ્ત્રી તેના પતિ સાથે હસતી રમતી નીકળી. તેનો પતિ મળી ગયો હતો તેનો તેને આનંદ હતો. ખેડૂતની સ્ત્રીને જોઈને બાદશાહનો પિત્તો ઉછળ્યો. આ એ જ સ્ત્રી હતી જેણે નમાઝ દરમિયાન પોતાને ઠોકરે ચડાવ્યા હતા અને માફી પણ માગી નહોતી. બાદશાહે સિપાહીઓને હુકમ કર્યો, ‘પકડો આ ખેડૂત બાઈને!’

ખેડૂત સ્ત્રી તો સડક થઈ ગઈ. બાદશાહે ખેડૂત બાઈને ગુસ્સામાં કહ્યું, ‘તને દેખાયું નહીં કે હું નમાઝ પઢતો હતો, મને ઠોકરે ચડાવી તું ચાલી ગઈ. મારા અપમાન માટે તેં માફીય માંગી નહીં. હવે તને સજા કરવામાં આવશે!’

ભયની મારી ખેડૂત સ્ત્રી તો કાંપી ઊઠી. થોડી વાર વિચાર કર્યો, પછી તેનામાં હિંમત આવી. તેણે બાદશાહને કહ્યું, ‘જહાંપનાહ, મારો ધણી ખોવાઈ ગયો હતો તેને ખોળવાના વિચારોમાં હું એકાગ્ર હતી. તેથી તમારા જેવા બાદશાહ તરફ પણ મારું ધ્યાન ન રહ્યું અને આપ કહો છો તેમ હું તમારી સાથે અથડાઈ પડી. પણ તમે તો મારા ધણી કરતાંય મોટા ‘ધણી’

ના ધ્યાનમાં મગ્ન હતાં છતાં એવું કેવી રીતે બન્યું કે તમે મને જોઈ, એટલું જ નહીં, ઓળખી પણ કાઢી?'

બાદશાહ અકબર ભોંઠા પડી ગયા. એમણે ખેડૂત પત્ની અને ખેડૂતને જવા દીધાં. એમના રસાલાના માણસોને બાદશાહ અકબરે કહ્યું, 'એ બાઈ કોઈ વિદ્વાન નહોતી કે નહોતી કોઈ મોટી ધર્માત્મા, પણ એણે મને સાચી નમાઝનો અર્થ સમજાવ્યો છે.'

સાચી નમાઝ કે પ્રાર્થના એ કહેવાય જેમાં માણસ ઈશ્વરમાં લીન થઈ આજુબાજુનું સર્વ ભૂલી  જાય.

## [17] શાણપણની કસોટી

દસેક હજાર વર્ષ પહેલાની વાત છે. ઈઝરાયલમાં સોલોમન નામના રાજા રાજ્ય કરતા હતા. એમના શાણપણ માટે એ વિખ્યાત હતા. શીબા પ્રદેશનાં રાણી સોલોમનના શાણપણની કસોટી કરવા ઈઝરાયલ ગયાં. રાજા સોલોમન અને શીબાનાં રાણીની પ્રસંગકથાઓ પશ્ચિમમાં બહુ જાણીતી છે. સોલોમનની પરીક્ષા લેવા શીબાનાં રાણી એક દિવસ સોલોમનના દરબારમાં પહોંચ્યા. તેમના બંને હાથમાં ફૂલોનો એક એક ગજરો હતો. સોલોમનથી દૂર ઊભાં ઊભાં જ રાણીએ કોયડો મૂક્યો:

'મારા એક હાથમાં સાચાં ફૂલોનો ગજરો છે, બીજા હાથમાં નકલી ફૂલોનો ગજરો છે. કયો ગજરો સાચા ફૂલોનો છે અને કયો નકલી ફૂલોનો છે તે પારખી આપો.'

રાજા દૂર હતા. નરી આંખે ભેદ કળાતો નહોતો. ફૂલોની સુગંધ રાજા સુધી પહોંચતી નહોતી. પહોંચે તોય કયા ગજરામાંથી સુગંધ આવે તે કહી શકાય તેમ નહોતું. સોલોમન વિચારમાં પડી ગયાં. દરબારીઓ પણ મૂંઝાયા. રાજા જવાબ આપી ન શકે તો રાજાની અને રાજની આબરૂ જાય. વિચાર કરીને સોલોમને હુકમ કર્યો, 'દરબારખંડની બારીઓ ખોલી નાંખો.' બારીઓ ઉઘાડવામાં આવી. તરતજ થોડી મધમાખીઓ દરબારખંડમાં

દાખલ થઈ. તેમાંની કેટલીક મધમાખીઓ શીબાની રાણીના ડાબા હાથના ગજરા ઉપર મંડરાવા લાગી. રાણીએ રજૂ કરેલા કોયડાનો ઉકેલ હવે સહેલો હતો. રાજા મલક્યા. તેમણે શીબાની રાણીના પ્રશ્નનો જવાબ આપ્યો, 'તમારા ડાબા હાથમાં પકડેલો ગજરો સાચાં ફૂલોનો છે જ્યારે જમણા હાથમાં રહેલો ગજરો નકલી ફૂલોનો છે.'

જ્ઞાન મેળવવા માટે આપણને આંખ, નાક, કાન, જીભ અને ત્વચા જેવી ઈન્દ્રિયો મળેલી છે. ઈન્દ્રિયો વડે આપણને પ્રાથમિક જ્ઞાન મળે છે તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. પણ ઈન્દ્રિયો મારફત મળતા જ્ઞાનની મર્યાદા હોય છે. ઈન્દ્રિયો કેટલીક વાર ભ્રમ સર્જે છે. બુદ્ધિ અને કોઠાસૂઝ ઈન્દ્રિયો

કરતાં ચડિયાતાં છે. વિચારણા અને આંતરસૂઝ સૂક્ષ્મ સંકેતો આપી સાચું જ્ઞાન પૂરું પાડે છે.

## [18] છતી આંખે આંધળા

અલ મહદી અબ્બાસી નામના મોટા સૂફી સંત થઈ ગયા. એમના અનુયાયીઓ સાથે વાતો કરતાં તેમણે એક દિવસ કહ્યું કે માણસને તમે ગમે તેટલી મદદ કરવા ચાહો પણ એણે પોતી ઊભી કરેલી મર્યાદાઓ તેને આડી આવે છે. વાત અનુયાયીઓને ગળે ઊતરી નહીં એવું જણાયું.

તેથી અવસર મળે ત્યારે આ સત્યનું પ્રત્યક્ષ પ્રમાણ આપવાનું અલ મહદી અબ્બાસીએ નક્કી કર્યું. અનુયાયીઓ તો પછી વાત ભૂલી ગયા.

એક દિવસ સંત અબ્બાસી અને અનુયાયીઓ બેઠા હતાં ત્યાં એક ખૂબ જ દેવાદાર થઈ ગયેલો માણસ તેમની સમક્ષ આવ્યો. તેણે પોતાની બધી વીતક કહી અને મદદ કરવા કહ્યું. સંત અબ્બાસીએ એક અનુયાયીને કહ્યું કે સામે આવેલા નિર્જન પુલની વચ્ચે સોનાની મહોરો ભરેલી એક કોથળી મૂકી આવો. પછી સંત અબ્બાસીએ પેલા માણસને કહ્યું કે પેલા પુલ પર જઈને પાછા આવો. દેવાદાર માણસ પુલ પર ગયો ને પાછો આવ્યો.

સંત અબ્બાસીએ તેને પૂછ્યું, 'તેં પુલ પર કંઈ જોયું?' પેલા માણસે જવાબ આપ્યો, 'ના, મારા જોવામાં કશું આવ્યું આવ્યું નથી કારણકે પુલના છેડે પહોંચી મેં નક્કી કર્યું કે આંખો બંધ કરી પુલની પાળીને સ્પર્શ કરતાં કરતાં પુલ પસાર કરવો. સામે છેડે પહોંચી મેં આંખો ખોલી. પછી એ જ રીતે એટલાં જ પગલાંમાં પાછા અવાય છે કે નહીં તે જોવા, એ જ રીતે પાછો આવ્યો.'

સંત અબ્બાસીએ અનુયાયીઓ તરફ જોઈને કહ્યું, 'જોયું, માણસની ગતિ કેવી છે. આંખો હોય છતાં જોવાનું હોય તે એ જોતો નથી અને હાથે કરીને

આંધળોભીત થાય છે.' સંતે કહેલી વાતનું અનુયાયીઓને પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું.

માણસમાં વિચારવાની શક્તિ હોય છે, પણ ઘણી વાર એ પૂર્વગ્રહોનો પાટો બાંધી લે છે. તેથી જે સ્પષ્ટ હોય તો પણ તેને દેખાતું – સમજાતું નથી. છતી આંખે આંધળા તે આનું નામ.

## [19] ઈશ્વરપ્રેમ

કુડૈલ પહેલાં લૂંટારો હતો. વાલ્મીકિ ઋષિની જેમ એ પાછળથી ધર્મનિષ્ઠ થઈ ગયો. એ ધીમે ધીમે સૂફીવાદ તરફ ખેંચાયો. એ માનતો થયો કે ઈશ્વર એક જ સત્ય છે અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ એકમાત્ર સાચો પ્રેમ છે.

એક દિવસ આંખ ઉઘાડી નાંખે તેવો અનુભવ કુડૈલને થયો. તેના નાનકડા પુત્રને ખોળામાં લઈને એ રમાડતો હતો. પુત્રને ખૂબ વહાલ કરી કરી એ હલાવતો જતો હતો. પુત્રને એણે બચીઓથી નવડાવી દીધો.

તેના પુત્રે કુડૈલને પૂછ્યું, ‘બાપુ, શું તમે મને પ્રેમ કરો છો?’

કુડૈલે જવાબ આપ્યો, ‘હા બેટા, હું તને ખૂબ જ પ્રેમ કરું છું.’

‘પણ તમે મને ઘણી વાર કહ્યું છે કે તમે ખુદાને ખૂબ પ્રેમ કરો છો!’

‘હા બેટા, ખુદાને પણ હું અનહદ પ્રેમ કરું છું.’

‘પણ બાપુ, તમે એક જ હ્રદયથી બે જણને કેવી રીતે પ્રેમ કરી શકો?’ દીકરાએ નિર્દોષભાવે પૂછ્યું.

કુડૈલને એકાએક ભાન થયું કે તે જેને પ્રેમ માનતો હતો એ ખરેખર તો લાગણીથી ભરેલો મોહ હતો. તેણે આવા વ્યામોહ કરતાં વધારે ઉચ્ચ કક્ષાના શુદ્ધ પ્રેમ તરફ પહોંચવાનું છે. આથી કુડૈલે કહ્યું છે, 'જેને માનવજાતનો સૌથી ઉમદા ભાવ ગણવામાં આવે છે તે ખરેખર તો સર્વોત્તમ પ્રકારના સંબંધ કરતાં નીચું સ્થાન ધરાવે છે. માણસે તેનાથી ઉપર થઈ આગળ વધવાનું છે.'

પોતાના બાળક પ્રત્યેનું વાત્સલ્ય, ભાઈબહેનનું વહાલ, પતિ-પત્નિનો સ્નેહ, મિત્ર તરફનો ભાવ આ બધી સારી ભાવનાઓ છે. ઈશ્વરના પ્રતિબિંબરૂપે તેમના પ્રત્યે પ્રેમની લાગણી થાય એટલે સુધી ઠીક છે, પણ

તે મોહ સ્વરૂપે હોય તો ઈશ્વરપ્રેમમાં બાધારૂપ થાય. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ સાચો અને સૌથી ઊંચો પ્રેમ છે.

## [20] ઉદાર થવાનાં જોખમો

સૂફી ગુરુનો શિષ્ય ગુરુને પગે લાગવા આવ્યો હતો. આંગણાંમાં એણે ત્રીસ ઊંટ જોયા. શિષ્યે કુતૂહલવશ ગુરુને પૂછ્યું, ‘આંગણાંમાં આ ઊંટ કેમ રાખ્યાં છે?’ ગુરુએ જવાબ આપ્યો, ‘એ બધાં તારા માટે છે.’ શિષ્યને આનંદ થયો, પણ એણે કહ્યું, ‘મારે કંઈક કિંમત તો ચૂકવવી જોઈએ.’

ગુરુએ જણાવ્યું કે 'કિંમત તો કંઈ આપવાની નથી, પણ તારે એક શરત પાળવી પડશે.. તારે કોઈને કહેવાનું નહીં કે મેં તને આ ઊંટ આપ્યાં છે. મારે બીજાઓ સમક્ષ સારા માણસ તરીકે જાણીતા થવું નથી.'

શિષ્યે શરત કબૂલ રાખી અને ગુરુના આશીર્વાદ તરીકે ઊંટો સ્વીકાર્યા. ઊંટો લઈ શિષ્ય જતો હતો ત્યાં રાત પડી ગઈ. રાતે ચોકી કરતા ચોકીદારોએ શિષ્યને ઊંટ લઈ જતો જોયો. તેમને થયું કે છોકરો તો ગરીબ ગુરબો લાગે છે. તેનાં કપડાં મેલાં-ઘેલાં છે અને આટલાં બધાં ઊંટોનો એ માલિક હોઈ શકે એવું જણાતું નથી. ચોકીદારોએ વિચાર્યું કે ઊંટો ક્યાંથી ખરીદ્યા કે ક્યાંથી લાવ્યો એ છોકરો સમજાવી ન શકે તો તેના

પર ચોરીનો આરોપ મૂકવો અને ચોરીના પૈસાથી ઊંટો ખરીદ્યા છે એમ કહી એને પકડવો.

ચોકીદારોએ છોકરાને પકડ્યો અને ઊંટો ક્યાંથી લાવ્યો તેની પૂછતાછ કરી. છોકરાએ ઊંટો વિશે કશુંય કહેવાની ના પાડી, ચોકીદારોએ છોકરાને કોર્ટમાં રજૂ કર્યો. ન્યાયાધીશે છોકરાને પૂછ્યું કે એ ઊંટો ક્યાંથી લાવ્યો છે તે જણાવે, પણ છોકરાએ એ જણાવવા સાફ ઈનકાર કર્યો તેથી ન્યાયાધીશે સાબિત માન્યું કે છોકરો ચોરી કરીને ઊંટો લાવ્યો છે. છોકરાને કેદમાં નાખ્યો, છોકરો જેલમાં સબડવા લાગ્યો.

છોકરાનું શું થાય છે એ વિશે માહિતિગાર રહેવા ગુરુએ પોતાના માણસોને છોકરાની પાછળ મોકલ્યા હતા તે માણસો ગુરુને બધી હકીકત જણાવ્યે રાખતા હતા. છોકરા પર બહુ વીતવા માંડી ત્યારે ગુરુ ન્યાયાધીશ સમક્ષ હાજર થયા અને જણાવ્યું કે છોકરાને ઊંટો તેમણે આપ્યા હતાં. ગુરુના કથન પરથી છોકરાને મુક્ત કરવામાં આવ્યો. ગુરુએ આવો પ્રયોગ શા માટે કર્યો તેનું ન્યાયાધીશ અને લોકોને આશ્ચર્ય હતું.

ગુરુએ જણાવ્યું, ‘ઉદાર હોવાની કીર્તિમાંથી ત્રણ દૂષણો પેદા થાય છે – એક તો ઉદાર ગણાનાર વ્યક્તિમાં અહમ જન્મે છે; બીજું જેઓ ઉદારતાનાં વખાણ કરે છે અને કીર્તિ માટે તેનું અનુકરણ કરે છે તેઓ દૂષિત થાય છે

અને ત્રીજું, ઉદારતાનો લાભ મેળવનાર અનુગૃહિત થયાના ભાવથી નાનો બને છે. આથી ઉદારતા ખાનગી રાખવી જોઈએ.'

ઉદારતા ઉદાત્ત બનાવે તેવી હોવી જોઈએ. તેને બદલે માણસને ઉદારતા કનિષ્ઠ બનાવે તેવું ન થવું જોઈએ.

## [21] બંધિયારને બદલે નવલદ્રષ્ટિ

એક આરબ પાસે મિલકતમાં સત્તર ઊંટ હતાં. તેના અવસાન સમયે તેણે ત્રણે પુત્રને બોલાવ્યા અને કહ્યું, 'જુઓ, મારા મૃત્યુ પછી અંદરોઅંદર

લડશો નહીં. મારી મિલકતમાં સત્તર ઊંટ છે, એ બધાંય ઊંટ તમારી વચ્ચે વહેંચી લેજો. હું ઈચ્છું છું કે સૌથી મોટાને મારા અડધાં ઊંટ મળે, વચલાને મારા ઊંટનો ત્રીજો ભાગ મળે અને નાનાને નવમો ભાગ મળે, કારણકે મોટાની કૌટુંબિક જવાબદારીઓ વધારે છે અને હવે એ ઘરડો થવા આવ્યો છે. વચલાની જવાબદારીઓ હજી પણ ઠીક ઠીક છે અને એ આધેડ થવા આવ્યો છે. જ્યારે નાનો હજી પરણ્યો નથી, તેને જવાબદારીઓ નથી અને તેની પાસે કમાવા માટે ઘણો સમય અને શક્તિ છે.’ આવી રીતે પોતાની આખરી ઈચ્છા જણાવી આરબ મૃત્યુ પામ્યો.

આરબ મૃત્યુ પામ્યો પછી છોકરાઓ વિચારમાં પડી ગયા. 'સત્તર ઊંટનાં અડધાં કેવી રીતે કરવાં?' એમ કરવા જાય તો એક ઊંટને મારીને સાડા આઠ ઊંટ મોટાને આપવા પડે. એ જ રીતે ઊંટની સંખ્યાનો ત્રીજો ભાગ અને નવમો ભાગ કરવા જાય તો પણ ઊંટને મારીને ભાગ કરવા પડે. એમ કરવાથી ત્રણે ભાઈઓને નુકસાન હતું. વળી ત્રણે ભાઈઓમાંથી એકે ઊંટ મારવા માંગતો નહોતો. પોતાનાથી કોયડો ઊકલ્યો નહીં એટલે ત્રણે ભાઈઓ ગામના શેખ પાસે ગયા. શેખ બુદ્ધિશાળી હતા અને ગામલોકોને સારું અને સાચું માર્ગદર્શન આપવા માટે ખ્યાતનામ હતાં. છોકરાઓએ પોતાના પિતાની ઈચ્છા શેખને કહી બતાવી અને સમસ્યા ઊકેલી આપવા વિનંતિ કરી.

શેખે વિચાર કર્યો અને પછી કહ્યું, ‘હું તમારા સત્તર ઊંટમાં એક મારું ઊંટ ઉમેરી આપું છું. હવે થયાં અઢાર ઊંટ. તેમાંથી અડધાં એટલે નવ ઊંટ મોટા ભાઈના થયાં.’ મોટા ભાઈ અને બીજા બંને ભાઈઓએ ખુશીથી વહેંચણી સ્વીકારી. પછી શેખે કહ્યું, ‘અઢારનો ત્રીજો ભાગ છ, એટલે છ ઊંટ વચલા ભાઈનાં.’ વચલા અને નાના ભાઈને એ વહેંચણીથી સંતોષ થયો. અઢારના નવમા ભાગ લેખે શેખે સૌથી નાના છોકરાને બે ઊંટ આપ્યાં. નાનો ભાઈ પણ બે ઊંટ મળવાથી રાજી થયો. મોટાને નવ, વચલાને છ અને નાનાને બે એમ 9 + 6 + 2 = 17 થયાં. એક ઊંટ વધ્યું. શેખે પોતાનું ઊંટ પાછું લઈ લીધું. સૌને પોતપોતાનું મળી રહ્યું.

આપણી બુદ્ધિ ન ચાલે ત્યાં લડવાને બદલે શાણા માણસની સલાહ લેવી જોઈએ. એક જ દિશામાં વિચારવાને બદલે શાણા માણસો નવો દ્રષ્ટિકોણ અપનાવે છે. બંધિયાર વિચારસરણીને બદલે નવા અભિગમથી વિચારીએ તો ઊકેલ મળે છે.

## [22] ત્રણ બહેરા અને એક મૂંગો

એક બહેરો ભરવાડ હતો. બકરાં ચરાવવા એ રોજ જંગલમાં જતો. એક દિવસ તેની વહુ બપોરનું ભાથું આપવાનું ભૂલી ગઈ એટલે ઘરે જઈ એણે રોટલા લાવવા પડે એવું થયું. પાસેના ડુંગરની ખીણમાં એક માણસ ઘાસ

વાઢતો હતો. ભરવાડે એ માણસને કહ્યું, ‘ભાઈ, હું મારે ઘેરથી ભાથું લઈ આવું એટલી વાર મારાં બકરાનું ધ્યાન રાખજે. કોઈ છૂટું પડી આઘે ન ચાલ્યું જાય હોં.’

ઘાસ વાઢનારોય બહેરો હતો. બકરાં ચરાવવા એણે ભરવાડને જવાબ આપ્યો, ‘ચાલ ચાલ ! મારા ઘાસમાંથી તને શાનો આપું?’

ભરવાડે કહ્યું, ‘મારાં બકરાનું ધ્યાન રાખવા હા પાડી માટે આભાર.’ આમ કહી એ ઘેર ગયો. પાછાં આવી તેણે બકરાંની ગણતરી કરી. બરાબર એટલાં જ હતાં. ઘાસ વાઢનારો ભરોસાપાત્ર લાગ્યો. એટલે તેને કંઈક ભેટ

આપવાનું ભરવાડે વિચાર્યું. એક લંગડું બકરું એ આમે હલાલ કરવાનો હતો તે બકરું ખભે ઉપાડી તે ઘાસ વાઢનારા પાસે ગયો. કહ્યું, ‘લો, આ મારા તરફથી ભેટ.’

ઘાસ વાઢનારો ભડક્યો. બોલ્યો, ‘મેં તારા બકરાં સામે જોયું પણ નથી. તારું બકરું લંગડુ થયું એમાં મારો શો વાંક? ચાલતો થા અહીંથી.’

ઘાસ વાઢનારાનો ગુસ્સો જોઈ ભરવાડને આશ્ચર્ય થયું. ત્યાં એક ઘોડેસવાર નીકળ્યો. ભરવાડે તેને રોક્યો ને કહ્યું, ‘આ માણસ તો જુઓ, હું એને બકરું ભેટ આપું છું ને તે ગરમ થાય છે.’

ઘોડેસવાર ઘોડાને ચોરીને આવતો હતો અને એ પણ બહેરો હતો. ભરવાડ અને ઘાસ વાઢનાર બંને ઘોડેસવારની સામે જોઈ જોઈને રાડો પાડીને એકબીજા સામે ફરિયાદ સંભળાવવા માંડ્યા. બહેરો ઘોડેસવાર ઘોડા ઉપરથી ઊતરી કહેવા લાગ્યો, 'ખરી વાત છે, મેં ઘોડો ચોર્યો પણ મને એ ખબર નહીં કે તમારો છે, મને માફ કરજો. મારાથી આ ખોટું કામ થઈ ગયું છે.' ત્રણે જણાં પોતપોતાની વાત મોટે મોટેથી કહેવા માંડ્યા. ત્યાં એક વૃદ્ધ દરવેશ નીકળ્યા. ઘાસ વાઢનારાએ તેમને કૉલરથી પકડી રોક્યા અને કહ્યું, 'અમે ત્રણે જણાં એકબીજાને કહી રહ્યા છીએ, પણ કોઈ સમજતું નથી. તમે જ કંઈક ઉકેલ લાવો.'

થયું એવું કે દરવેશ મૂંગા હતાં. ત્રણે બોલતા હતા તે એમણે સાંભળ્યું ખરું. પણ એ કંઈ બોલી શકે તેમ નહોતા. એમણે તીવ્ર વેધક દ્રષ્ટિએ એક પછી એક ત્રણેને જોવા માંડ્યા. ત્રણે અકળાયા, દરવેશની નજરથી તેમને ડર લાગ્યો. એટલે ઘોડા પર આવેલો માણસ એકાએક ઘોડો પલાણી નાઠો. ભરવાડે એનાં બકરાં એકઠાં કરી ગામ ભણી જવા માંડ્યું. ઘાસ વાઢનારે ભારો બાંધી ઘર ભણી ચાલવા માંડ્યું.

કોઈ કોઈનું સાંભળે નહીં ને સમજે નહીં એક દુનિયાનો વહેવાર આંધળે બહેરા જેવો અગડં બગડં ચાલે છે. વાણીને બદલે મૌન દ્રષ્ટિની શક્તિ ભારે બળવાન છે. વેધક દ્રષ્ટિથી ગરબડનો ઉકેલ લાવી શકાય છે.

## [23] જાદુઈ અશ્વ

એક રાજાને બે પુત્રો હતા. મોટો પુત્ર લોકોનાં કામ કરતો ને દુનિયાદારીમાં રચ્યોપચ્યો રહેતો. પ્રજામાં એ લોકપ્રિય બની રહ્યો. નાનો પુત્ર વાંચ્યા કરતો અને સપનાંઓ જોયાં કરતો. લોકો એને 'આળસુ' કહેતા. મોટાને સૌ માનપાન આપતા, નાનાને કોઈ ગણતું નહીં. તેને ફક્ત ગામના સુથારે બનાવેલો રમકડા જેવો લાકડાનો ઘોડો મળ્યો હતો. ખરેખર તો એ ઘોડો સામાન્ય નહોતો. એ જાદુઈ અશ્વ હતો. હ્રદયપૂર્વક ઈચ્છા કરે તેની ઈચ્છા પૂરી કરે એવો એ અશ્વ હતો.

'આળસુ' મનાતા નાના પુત્રે હ્રદયપૂર્વક મનોધારણાઓ ને ઈચ્છાઓ સેવી. અશ્વ તેને લઈને ઉડ્યો. વર્ષો સુધી નાનો પુત્ર રાજ્યમાં દેખાયો નહીં. તે ઘણાં બધાં પ્રદેશોમાં ફર્યો. પ્રકાશના પ્રદેશની રાજકુંવરીને પરણીને તે પાછો આવ્યો. તેની પાસેથી તેના પરાક્રમોની વાતો સાંભળી રાજા પ્રભાવિત થયા. તેમના મૃત્યુ પછી રાજ્ય તેને સોંપવું એમ તેમના દીવાન અને સેનાપતિને કહ્યું.

રાજાના મૃત્યુ પછી નાનો પુત્ર રાજગાદીએ બેઠો. જોકે લોકોની તેના તરફ નારાજગી હતી. તેમને વ્યવહારકુશળ પેલો મોટો પુત્ર જ ગમતો હતો. રાજા બનેલા પુત્ર પાસે હજી પેલો જાદુઈ અશ્વ હતો. કોઈ પણ પ્રજાજનને

તે અશ્વ આપવા રાજી અને તૈયાર હતો. પણ નાના બાળકો માટેના અશ્વનું કોઈને આકર્ષણ નહોતું. અશ્વના સામાન્ય દેખાવથી કોઈ આકર્ષાતુ નહોતું. રાજા બનેલા કુંવરને પ્રકાશના પ્રદેશની રાજકુંવરી વરેલી છે એ કોઈ સમજતું નહોતું.

આ સૂફીકથાનો બહુ મર્મ છે. લોકો દુન્યવી સફળતાને જુએ છે. ધન, મહાલયો, સત્તા, શરીર, સુખાકારી વગેરેથી પ્રભાવિત થાય છે. તેને જ મૂલ્યવાન ગણે છે. બ્રાહ્ય દેખાવથી આકર્ષાય છે. શાંતિથી બેસીને મેળવેલી પ્રજ્ઞાને તેઓ સમજી શક્તા નથી. વાંચનથી મળેલી કલ્પનાઉડ્ડયનની બક્ષિસ તેઓને દેખાતી નથી. જ્ઞાનનો પ્રકાશ તેમના ચિત્તને અજવાળતો

નથી. રાજસી ક્રિયાઓમાં તેઓ રાચે છે. શાંતિને સાત્વિક ગણવાને બદલે પ્રમાદ ગણે છે.

દોડધામની બ્રાહ્યક્રિયાઓમાં નહીં, શાંતચિત્તે ઉર્ધ્વગમનમાં શ્રેય છે.

## [24] શુભસંદેશ

ઈરાનના એક વેપારીને અવારનવાર ભારત આવવા જવાનું થતું. ભારતથી તે એક સુંદર પક્ષી લઈ આવ્યો હતો. પક્ષીને તેણે એના ઘરે પાંજરામાં પૂરી રાખ્યું હતું. વેપારીને ફરીથી ભારત જવાનું થયું. તેણે

પક્ષીને પૂછ્યું, ‘ભારતથી તારે માટે કંઈ લાવવાનું છે?’ પક્ષીએ તો ઈચ્છા વ્યક્ત કરી, ‘મને મુક્ત કરો અને ભારત લઈ જાવ.’ વેપારીએ કહ્યું, ‘તે તો બની શકે તેમ નથી.’ પક્ષીએ નિસાસો નાખ્યો અને વિનંતિ કરી, ‘તો પછી મારી જાતિના કોઈ પક્ષીને મારી પરાધીનતાની કથની કહેજો.’

વેપારીએ ભારત પહોંચી પોતાનાં કામ પતાવ્યાં. એ પછી તે જંગલમાં ફરવા નીકળ્યો. જંગલમાં તેણે પોતાના ઘરે હતું એવું જ પક્ષી જોયું. વેપારીએ એ પક્ષીને પોતાના ઘરના પક્ષીની વાત કરી. એ વાત સાંભળી જંગલનું પક્ષી તરતજ ઝાડની ડાળી પરથી નીચે પડી, ઢળી પડ્યું. વેપારીને લાગ્યું કે આ પક્ષી પોતાને ત્યાંના પક્ષીનું કોઈ સગુવહાલું હશે.

પોતાને ત્યાંના પક્ષીની દુ:ખભરી કહાણી સાંભળી બિચારું મરી ગયું લાગે છે. કામ પૂરું થયું હોઈ વેપારી ઈરાન પાછો વળ્યો. પાંજરાના પક્ષીએ તેને પૂછ્યું, ‘મારી વાત તમે પહોંચાડી હતી કે? મારા માટે શા ખુશખબર લાવ્યા છો?’ વેપારીએ અફસોસ સાથે કહ્યું, ‘તારા માટે ખુશીના કોઈ સમાચાર તો નથી, પણ એક દુ:ખદ સમાચાર છે.’

‘એમ! શા સમાચાર છે?’ પક્ષીએ ગભરાટથી પૂછ્યું. વેપારીએ જવાબ આપ્યો, ‘મેં તારી વાત તારી જાતિના એક પક્ષીને કરી કે તરતજ તે પક્ષી દુ:ખનું માર્યું મૃત્યુ પામ્યું અને નીચે પડ્યું. કદાચ એ તારું કોઈ સગું હશે.’

વેપારીની વાત સાંભળી પાંજરામાંનું પક્ષી પણ પાંજરામાંના તેના ઝૂલા પરથી નીચે ઢળી પડ્યું. વેપારીને પક્ષીના મૃત્યુથી બહુ દુ:ખ થયું. તેણે પાંજરું ખોલ્યું અને પક્ષીને બહાર કાઢ્યું. તરતજ પક્ષી ઊડીને સામેના ઝાડ પર પહોંચી ગયું. વેપારી આશ્ચર્યથી જોઈ રહ્યો. પક્ષીએ વેપારીને કહ્યું, ‘તમે જેને દુ:ખદ ઘટના સમજતા હતા તે મારે માટે સારા સમાચાર હતા. તે પક્ષીએ મને મુક્ત થવા માટેનો માર્ગ બતાવ્યો હતો.’

જલાલુદ્દીન રૂમીની આ સૂફીકથા બતાવે છે કે અજ્ઞાનને કારણે એક જણ જેને દુ:ખની ઘટના સમજતો હોય છે તે બીજાને માટે શુભ સમાચાર હોય છે. ઈશ્વરની લીલા આવા શુભ સંકેતોથી ચાલે છે.

# [25] સલાહની નિરર્થકતા

ફાતિમા નામની કિશોરી માતાપિતા સાથે નિર્જન વનમાં રહેતી હતી. જંગલમાં બીજું કોઈ માનવી વસતું નહોતું. કાળક્રમે પહેલા ફાતિમાના પિતા અને પછી તેની માતા અવસાન પામ્યા. તેમના ઘરની દીવાલ પર નકશીકામવાળી એક વિચિત્ર ફ્રેમ લટકતી હતી. માતાપિતાએ ફાતિમાને કહેલું કે કંઈ જરૂર પડે તો ફ્રેમ પાસે માગણી કરજે. ફાતિમાને થયું કે વનમાં કોઈ માણસ તો છે નહીં, ફક્ત પ્રાણીઓ છે, તો પોતે પ્રાણીઓની ભાષા સમજી શકે અને તેમની સાથે વાતચીત કરી શકે તો કામ લાગે.

તેણે ફ્રેમ પાસે પોતાની માગણી મૂકી. ફ્રેમે તેની માગણી પ્રમાણેની સમજણ અને શક્તિ આપ્યાં.

પોતાની આવડતની પરીક્ષા કરવા ફ્રાતિમા જંગલમાં ગઈ. એક તળાવ પાસે તેણે જળની સપાટી પર આટિલા વાણીયા તરીકે ઓળખાતા તીડ જેવા જીવડાને ઊડતું જોયું. તેણે જીવડાને પૂછ્યું, ‘તું પાણીની અંદર કેમ નથી જતું? પાણીમા જાય તો પક્ષીઓ તને ખાઈ જાય તેમાંથી તું બચી શકે ને?’ જીવડાએ જવાબ આપ્યો, ‘હજી સુધી કોઈ પક્ષીએ મને મારી નાંખ્યુ છે ખરું?’ એમ સામો પ્રશ્ન પૂછી જીવડું ઉડી ગયું.

ફાતિમાએ તળાવમાં માછલીઓને તરતી જોઈ. તેણે માછલીઓને કહ્યું, ‘તમે ધીમે ધીમે જમીન પર આવીને જીવવા કેમ નથી માંડતી? કાચબા, દેડકાં, મગર જેવા ઘણાં જળચર જમીન પર જીવે છે?’ માછલીએ જવાબ આપ્યો, ‘એ સતંદર અશક્ય છે, માછલી જમીન પર જાય તો મારી જાય. માછલી જળ વગર જીવી શકે ખરી?’ એટલું કહી માછલીએ પાણીમાં ડૂબકી મારી.

તળાવને તળીયે ફાતિમાએ ગોકળગાય જોઈ. તેણે ગોકળગાયને કહ્યું, ‘તું જમીન પર આવને! તને જંતુઓ ખાવા મળશે.’ ગોકળગાયે કહ્યું, ‘તું

બીજાની ફિકર શા માટે કરે છે? બીજાનું કલ્યાણ વિચારવાને બદલે તારું સંભાળને.’ આમ બોલી ગોકળગાયે ફાતિમાનું મોઢું તોડી લીધું.

ફાતિમા આગળ ચાલી. તેને થયું કે કોઈ પક્ષી મળે તો કહું કે શિયાળામાં ખાવા માટે પક્ષીએ દાણા સંઘરવા જોઈએ, પણ કોઈ પક્ષી તેને મળ્યું નહીં. ફરતી ફરતી તે જંગલના છેડે આવી. ત્યાં તેણે એક વૃદ્ધ કઠિયારાને જોયો. ફાતિમાને આનંદ અને આશ્ચર્ય થયાં. તે પહેલી વાર માતા પિતા સિવાય અન્ય કોઈ માણસને મળી. તેણે કઠિયારાને જીવડાં, માછલી અને ગોકળગાયની વાત કરી. વૃદ્ધ કઠિયારાએ ફાતિમાને કહ્યું, ‘બેટા, તારે જીવનમાં હજી બહુ શીખવાનું છે.’

'શા માટે મારે બીજું બધું શીખવું જોઈએ? મારું જીવન બદલવા માટે? હું છું તે શું ખોટી છું?' જીવડા, માછલી અને ગોકળગાયની જેમ જ ફ્રાતિમાએ સામા સવાલો કરી ચાલવા માંડ્યું.

સામેની વ્યક્તિની પ્રકૃતિ કે સ્થિતિ જોયા વગર તેને સલાહ આપવાનું માણસોને બહુ ગમે છે, પણ પોતાની ચાલી આવતી જીવનરીતિ બદલવા કોઈ તૈયાર હોતું નથી. સલાહ કોઈને ગમતી નથી. પોતાના કલ્યાણ વિશે, માણસ પોતે જ ખુલ્લા મનથી વિચારે અને પછી આચરણમાં આગળ વધે તેમાં જ તેનું અને બીજાનું ભલું છે.

## [26] આદર ને આચાર

એક ભારે બુદ્ધિમાન અને મહેનતુ માણસ હતો. નવી નવી શોધ કરવાનો એને શોખ. ખૂબ મહેનત કરી એણે ઈલેક્ટ્રીસિટીની શોધ કરી. વીજળીમાંથી લાઈટનો પ્રકાશ કેમ રેલાવવો એ પણ એણે શોધી કાઢ્યું. આ શોધનો ઉપયોગ કરી લોકો સુખી થઈ શકે એ માટે પોતાની જાણકારી એ લોકો સુધી પહોંચાડવા માગતો હતો. એ એક આદિવાસી પ્રજા પાસે ગયો. એણે લોકોને વીજળી અને લાઈટ કરવાની કારીગીરી શીખવી. લોકો તો રાજી થઈ ગયા. વીજળી અને લાઈટના ઉપયોગથી એમનું જીવન બદલાઈ ગયું.

તેની શોધનો લાભ બીજી પ્રજાઓને પણ મળે એવો શોધકનો આશય હતો. તેથી તે બીજા આદિવાસી પ્રદેશમાં ગયો. નવા પ્રદેશના લોકોને પણ તેણે લાઈટ કરતા શિખવાડ્યું. લોકો તો ખુશ થઈ ગયા, પણ તે પ્રજાના ધર્મગુરુઓના પેટમાં તેલ રેડાયું. તેમને થયું કે તેમનાં માન-પાન હવે નહીં રહે. નવો આવેલો આ માણસ જ આદરપાત્ર થઈ જશે. આવું વિચારી ધર્માચાર્યોએ પેલા શોધકની હત્યા કરાવી. તેમના પર કોઈને વહેમ ન પડે એ માટે ધર્મગુરુઓએ શોધકની સુંદર મૂર્તિ બનાવડાવી. તે મૂર્તિની તેમણે મંદિરમાં સ્થાપના કરી. મૂર્તિની પૂજા કરવાનો રિવાજ દાખલ કર્યો. ધર્મગુરુઓએ પેલા શોધકની પૂજા અને પ્રાર્થના ફરજિયાત બનાવી. તેમાં કોઈ ચૂક કરે તો તેને સજા કરવામાં આવતી. આમ વર્ષો વીતતાં ગયાં.

નવી નવી પેઢીઓ આવતી ગઈ. પેલા શોધકનાં પૂજા-પાઠ અને પ્રાર્થના-ગાનના વિધિ વધતા જ ગયા, પરંતુ આ વિધિ-વિધાનમાં ખોવાઈ ગયેલી પ્રજા વીજળી અને પ્રકાશનું ઉત્પાદન કેમ કરવું એનું જ્ઞાન જ ભૂલી બેઠી. જ્યાં શોધક પહેલાં ગયો હતો તે પ્રજા સુખના પ્રકાશમાં જીવી, જ્યારે પછીની પ્રજા અંધકારના અજ્ઞાનમાં અટવાતી રહી.

મહાન માણસોએ કરેલાં સત્કાર્યોનાં વખાણ અને એમના પૂજનમાત્રથી સુખ પ્રાપ્ત થતું નથી. એમણે શિખવાડેલા માર્ગ પર ચાલવાથી પ્રજા પોતાનું ભલું કરી શકે છે.

## [27] કામ સારું ક્યારે બને?

ગામમાં એક મોટું સંયુક્ત કુટુંબ રહેતું હતું. તેના સભ્યોમાંનો એક બુદ્ધિમાં ઓછો હતો – મૂરખ જ કહો ને! ઘરના માણસો એને ખાસ કંઈ કામ ન સોંપતા. જરૂર પડે તો એની મર્યાદા સમજી તેને સાવ સાદાં અને સામાન્ય કામ સોંપતા. કામ અંગે તેને જરૂરી સૂચનો પણ આપતાં જેથી એ છબરડો ન વાળે.

એક દિવસ ઘર માટે લોટ અને મીઠું લાવવાના હતાં. ઘરમાં કોઈ હતું નહીં, તેથી ઘરના વડીલે મૂરખને બોલાવ્યો અને કહ્યું, ‘લોટ અને મીઠું

લાવવાના છે. દુકાનેથી એ લઈ આવ. પણ જો લોટ અને મીઠું અલગ અલગ રાખજે. બંનેની સેળભેળ ન થઈ જાય તેનું ધ્યાન રાખજે.' મૂરખ તો તૈયાર. લોટ અને મીઠું લાવવા તેણે ઘરમાંથી એક થાળી લીધી.

દુકાને જઈ મૂરખે કહ્યું, 'પાંચ શેર લોટ આપો.' દુકાનદારે લોટ તોલ્યો. મૂરખે થાળીમાં લોટ લીધો. પછી મૂરખે મીઠું માગ્યું અને કહ્યું, 'મીઠું જુદું રાખવાનું છે, તે લોટ સાથે ભળવું ન જોઈએ.' દુકાનદારે મીઠું તોલ્યું. મીઠું લોટથી જુદું રહે તે માટે મૂરખે થાળી ઉંધી કરી. બધોય લોટ નીચે જમીન પર ઢોળાઈ ગયો. મૂરખે થાળી ઉલટ બાજુ પર ઉપર કરી હતી તેના પર મીઠું ઠાલવવા તેણે વેપારીને કહ્યું, વેપારીએ થાળીની ઉંધી બાજુ પર મીઠું

ઠાલવી આપ્યું. મીઠું લઈને મૂરખ ઘરે પહોંચ્યો અને કહ્યું, ‘લો આ મીઠું.’ ઘરના વડીલે પૂછ્યું, ‘લોટ ક્યાં?’ મૂરખે જવાબ આપ્યો, ‘લોટ અને મીઠું ભેગા ન થઈ જાય એ માટે લોટને મેં થાળીની બીજી બાજુ રાખ્યો છે.’ આમ કહી મૂરખે થાળી ઉલટાવી. તરત જ મીઠું નીચે જમીન પર પડીને ધૂળ ભેગું થઈ ગયું.

મૂરખ પર આપણે હસીએ છીએ પણ ઘણી વાર આપણે મૂરખની જેમ જ વર્તીએ છીએ. એક સારું કામ કરતી વખતે બીજા સારા કામને બગાડીએ છીએ. જીભને સ્વાદનો આનંદ આપવા પેટ બગાડીએ છીએ. વળી ક્યારેક સારું પરિણામ મેળવવા અયોગ્ય સાધન વાપરીએ છીએ. હિંસા અટકાવવા

હિંસાનો જ આશ્રય લઈએ છીએ. સારા કામ સાથે બીજાં કામો પણ સારી રીતે થવાં જોઈએ. અયોગ્ય સાધન દ્વારા સારું કામ કરવા જઈએ તો સાધ્ય પન ક્લુષિત થાય છે. અને સારું કામ પણ નરસું બની રહે છે.

## [28] અભિગ્રહ પૂર્વગ્રહથી અર્થઘટન

પોપે આદેશ કાઢ્યો, 'રોમમાંથી યહુદીઓનો દેશનિકાલ કરવામાં આવે છે.' યહૂદીઓ મૂંઝાયા. યહુદીઓનું એક પ્રતિનિધિમંડળ પોપને મળવા ગયું અને વિનંતિ કરી કે અમને રોમમાં રહેવા દો. પોપે યહુદીઓને કહ્યું, 'એક શરતે તમને રહેવા દઉં, તમારામાંથી કોઈ મારી સાથે ધર્મવિવાદ કરે.

વિવાદમાં કશું બોલવાનું નહીં, માત્ર ચેષ્ટાઓથી દલીલ કરવાની. તમારો પ્રતિનિધિ યોગ્ય ઉત્તરો આપશે તો તમને રોમમાં રહેવા દઈશ.

પોપની દરખાસ્ત પર યહૂદીઓએ વિચાર કર્યો. હાર નિશ્ચિત હતી. પોપની સાથે દલીલો કરવાની હોય અને પોપ જ નિર્ણાયક હોય તો બીજુ શું થાય? કોઈ યહૂદી ધર્મગુરુ કે વિદ્વાન વિવાદ કરવા તૈયાર નહોતો. પોતાને માથે રોમ નિકાલની જવાબદારી લેવા કોણ તૈયાર થાય? ત્યાં યહૂદીઓના દેવળના દરવાને કહ્યું, ‘હું વિવાદ કરવા તૈયાર છું.’ યહૂદીઓને આશ્ચર્ય થયું, પણ એમણે દરવાનને મોકલવાનું નક્કી કર્યું. આમેય રોમ છોડીને

જવાનું હતું. દરવાન હારી જાય તો વધારે ખરાબ કંઈ થવાનું નહોતું. નસીબ હોય તો કદાચ છે ને દરવાનથી રાજી થઈને પોપ રહેવા પણ દે.

પોપ અને દરવાન વચ્ચે વિવાદ ગોઠવાયો. પોપે પોતાની એક આંગળી ઉપર આકાશ તરફ ચીંધી વિવાદ શરૂ કર્યો. જવાબમાં દરવાને પોતાની એક આંગળી જમીન તરફ ચીંધી. પોપ આશ્ચર્યવત જોઈ રહ્યા. પછી એમાણે પોતાની એક આંગળી દરવાન તરફ ચીંધી. તરતજ દરવાને તેની ત્રણ આંગળીઓ પોપ તરફ ચીંધી. પોપ ચમકી ગયા. છેલ્લે પોપે પોતાના ઝભ્ભામાંથી સફરજન કાઢિ દરવાનને બતાવ્યું, તેની સામે દરવાને પોતાના ખિસ્સામાંથી સૂકી સપાટ બ્રેડની સ્લાઈસ કાઢીને દેખાડી. પોપે

જાહેર કર્યું, 'યહુદી પ્રતિનિધિ વિવાદમાં સફળ રહ્યો છે. યહૂદીઓ રોમમાં રહી શકશે.' યહૂદીઓ ખુશ થયાં.

કેથલિક ધર્માચાર્યોએ પોપને પૂછ્યું, 'નામદાર, શું થયું?' અફસોસ સાથે પોપે કહ્યું, 'મેં પહેલા આકાશ તરફ આંગળી ચીંધી જણાવ્યું કે આકાશમાંથી ઈશ્વર રાજ્ય કરે છે તો તેણે જમીન પર આંગળી બતાવી કહ્યું કે નીચે નરકમાં એકલા સેતાનનું રાજ્ય છે. એક આંગળી ચીંધી મેં કહ્યું કે ઈશ્વર એક છે તો તેણે ત્રણ આંગળી દેખાડી તેણે આપણા ધર્મમાં ઈશ્વરના ત્રણ રૂપ છે તેમ દેખાડ્યું. છેલ્લે સફરજન બતાવી મેં કહ્યું કે નાસ્તિકો પૃથ્વીને ગોળ માને છે. તેણે સપાટ બ્રેડ બતાવી કહ્યું કે બાઈબલ કહે છે તેમ પૃથ્વી

સપાટ છે. આમ વિવાદમાં એ જીતી ગયો.' બીજી બાજુ યહૂદીઓને દરવાને કહ્યું કે, 'પોપે આંગળી આકાશ તરફ દેખાડી કહ્યું કે જવું પડશે, મેં જમીન તરફ આંગળી દેખાડી કહ્યું કે આ ધરતી પર જ રહીશું; મારા તરફ આંગળી દેખાડી એમણે કહ્યું કે તું મરી જઈશ, મેં ત્રણ આંગળી દેખાડી કહ્યું કે એક સામે ત્રણ મરશે. એમણે એમનો નાસ્તો દેખાડ્યો, મેં ગભરાયા વગર મારુ ખાણું બતાવ્યું ને વાત પતી ગઈ.'

પોતાના અભિગ્રહો અને પૂર્વગ્રહોથી માની લીધેલી માન્યતાઓ પ્રમાણે માણસ અર્થઘટન કરતાં હોય છે.

# [29] આદર, પ્રેમ ત્યાં આનંદ

પર્વતના ઉંચા શિખરે એક બૌદ્ધ સાધક ધ્યાનમાં લીન થઈને બેઠાં હતાં. થોડી વાર માટે એમણે આંખો ખોલી. તેમણે જોયું કે તેમની સામે બહુ જ જાણીતા એવા બૌદ્ધ મંદિરના શ્રમણ બેઠા હતા. સાધકને આશ્ચર્ય થયું. તેમણે શ્રમણને પૂછ્યું, ‘મિત્ર અહીં શા માટે આવ્યા છો? તમને શાની શોધ છે?’

શ્રમણે પોતાના મંદિરની અવદશાની વાત કરી. તેમણે કહ્યું, ‘બોધિસત્વ, એક સમયે અમારું મંદિર બહુ વિખ્યાત હતું. મંદિરમાં ભિક્ષુઓની

અવરજવર રહેતી, કેટલાય ભિક્ષુઓ મંદિરમાં નિવાસ કરતાં, નવયુવાનો દીક્ષા લેવા આવતા, સાધુઓના સ્તવનથી મંદિર ગુંજતું અને અસંખ્ય લોકો પ્રેરણા મેળવવા ને પ્રણિપાત કરવા આવતા. મંદિર ભર્યુંભર્યું રહેતું, પણ છેલ્લા કેટલાક સમયથી ભિક્ષુઓ દેખાતા નથી, કોઈ દીક્ષા લેવા આવતું નથી, મંદિર સૂનું થઈ ગયું છે. મંદિરમાં અમે છ શ્રમણો જ રહ્યા છીએ. સામાન્ય પ્રજાજનોમાંથી ભાગ્યે જ કોઈ મંદિરની મુલાકાતે આવે છે. આવું કેમ બન્યું એ અમને સમજાતું નથી. લોકોમાં ધર્મશ્રદ્ધા ઓછી થઈ ગઈ છે કે અમારી કોઈ ખામી છે કે પછી અમારાથી કોઈ અપરાધ કે પાપ થયું છે?'

સાધકે કહ્યું, ‘હા, એમ જ છે. તમો શ્રવણોમાં અજ્ઞાનનું પાપ ભરેલું છે.’ શ્રમણ સમસમી ગયા. શ્રમણોનું પાપ જાણવા મે તેનો ઉપાય સૂચવવા તેમણે સાધકને પૂછ્યું, ‘બોધિસત્વ, અમારાથી થઈ ગયેલું પાપ અમને જણાવો જેથી અમે તેનું પ્રાયશ્ચિત્ત કરી શકીએ અને ભવિષ્યમાં એવા પાપનો આચાર કરતા અટકીએ.’

સાધકે ખુલાસો કર્યો, ‘મિત્ર, તમો છ શ્રમણોમાં જ એક જગદ્દુદ્ધારક મહાબોધિસત્વ છે. એ મહાબોધિ ઉદ્ધારકે પોતાનું સ્વરૂપ છુપાવીને રાખ્યું છે. એ ઉદ્ધારકને તમે ઓળખી શક્યા નથી. તેથી તેમને તમે પૂરું સન્માન આપતાં નથી. પ્રેમની લાગણીથી તેમના પ્રત્યે આત્મસમર્પણ કરતા નથી

એ જ તમારું પાપ છે. એ પાપનું નિવારણ કરો એટલે બધાં સારાં વાનાં થઈ રહેશે.

સાધકે કહેલી વાત ગાંઠે બાંધી શ્રમણ મંદિરે આવ્યા. બધા શ્રમણોને ભેગા કરી વાત કહી. દરેક શ્રમણે બીજાઓ વિશે વિચારવા માંડ્યું. દરેકને બીજાઓમાં કંઈક ને કંઈક ખામી અને અવગુણ દેખાયાં. ઉદ્ધારક કોણ છે એ કોઈ શ્રમણ નક્કી કરી શક્યો નહીં. અંતે શ્રમણોએ વિચાર્યું, 'જે હોય તે, પણ અમારામાંથી જ કોઈ ઉદ્ધારક છે તો પછી બધાયને માન અને પ્રેમ આપીએ. એ રીતે જે પણ ઉદ્ધારક હશે તેમને આદર અને પ્રેમ પહોંચશે.' આમ વિચારી પ્રત્યેક શ્રમણે બીજાઓ તરફ આદર અને પ્રેમભર્યું વર્તન

રાખવા માંડ્યું. થોડા જ સમયમાં મંદિર પાછું પહેલા જેવું જ પ્રસિદ્ધ બની રહ્યું. ભિક્ષુઓ આવવા માંડ્યા, દીક્ષાઓ અપાવા માંડી, સ્તવન ગાન થવા માંડ્યું, દર્શનાર્થે લોકો ઉમટવા માંડ્યા.

સૌની ખામીઓ અને અવગુણોની ઉપેક્ષા કરી આદર અને પ્રેમ આપવા માંડીએ તો સામેથી પણ આદર અને પ્રેમનો પડઘો પડે છે. વાતાવરણમાં દિવ્યતા પ્રવેશે છે, સર્વત્ર આનંદ રેલાય છે.

# [30] ગુરુ અને અનુયાયીઓ

એક પ્રાચીન ફિલસૂફ થઈ ગયા. તેમણે બારીક અને ઊંડી તત્વમીમાંસા કરી. બ્રહ્મ, બ્રહ્માંડ, જીવ, વિશ્વ, શરીર, આત્મા અને ભૌતિક તત્વો વિશે જગતને સાચી સમજ આપી. કાળક્રમે તેમનું અવસાન થયું. સદીઓ વીતતી ચાલી. દરમિયાન તેમણે આપેલા બોધનું અનુયાયિઓ જુદું જુદું અર્થઘટન કરતા થયા. સમય એવો આવ્યો કે તેમના વિચારોનું સાવ ખોટું અર્થઘટન થવા માંડ્યું. તેમણે આપેલા જ્ઞાનનો તેમના જ અનુયાયીઓ સાવ અવળો અર્થ કરવા લાગ્યા.

ફિલસૂફ તો પરલોકમાં રહેતા હતાં. ત્યાં તેમને કોઈકે કહ્યું કે તેમના ઉપદેશનું સાવ ખોટું અર્થઘટન કરી તેમના અનુયાયીઓ ખોટા વિચારોનો પ્રસાર અને પ્રચાર કરી રહ્યા છે. આ પરિસ્થિતિ સુધારવા ફિલસૂફે વિશ્વમાં ફરી જન્મ લીધો.

ફિલસૂફના અનુયાયીઓ પહેલાં તો તે ફિલસૂફના મૂળ વિચારો અને અર્થઘટન સ્વીકારવા તૈયાર જ ન થયા. અંતે ફિલસૂફે કહેવું પડ્યું કે પોતે જ મૂળ ફિલસૂફ છે. એમણે જણાવ્યું કે ખરું અર્થઘટન કરી ગેરસમજ દૂર કરવા તેઓ વિશ્વમાં ફરી આવ્યા છે. અનુયાયીઓએ તેમને સાંભળ્યા ખરાં, પણ ગુરુના બોધ કે અર્થઘટનમાં તેમને રસ ન પડ્યો. તેઓ તો એવો જ

આગ્રહ કરતા રહ્યા કે ગુરુ સજીવન થઈ ફરી આ વિશ્વમાં કઈ રીતે આવ્યા તેનું રહસ્ય અને યુક્તિ તેમને સમજાવે. ગુરુએ માંડ માંડ તેમને સમજાવ્યા કે વિશ્વમાં પાછા ફરવાનું જ્ઞાન તેઓ તેમને શિખવાડી શકે નહીં. એ જ્ઞાન સામાન્યજનોને શિખવાડવામાં આવે તો જગતમાં અરાજકતા ફેલાય. તેમણે પોતાના વિચારોનું સાચું અર્થઘટન ફેલાવવા અનુયાયીઓને અનુરોધ કર્યો.

અનુયાયીઓએ કહ્યું, ‘તમે આપેલા જ્ઞાનનું કોઈ જ મહત્વ નથી. અમે કરેલા અર્થઘટન અને પરંપરાનું જ મહત્વ છે. તમે તો પક્ષીની જેમ આવ્યા ને ગયા, તમારા અનુયાયીઓ તરીકે અમે જ તમારા વિચારોની

પરંપરા કાયમ કરી છે. અને વિચારધારાને સનાતન બનાવી છે. અર્થઘટનની તો પરંપરા જ ટકશે અને જીવતી રહેશે.

મૂળ સંત, ફિલસૂફ કે ગુરુ જ્ઞાની હોય છે. તેમના અનુયાયીઓ જ ગુરુનાં જ્ઞાન અને પ્રતિષ્ઠાનો નાશ કરે છે.

## [31] ઈશ્વરનાં વચન અને માનવકલ્યાણ

ઘણાં વર્ષો પહેલા એક પ્રદેશ રણ જેવો હતો. પ્રદેશમાં બહુ ઓછાં વૃક્ષો હતાં. ફળોનું ઉત્પાદન સાવ નહીવત હતું. એક ઉપદેશકને લાગ્યું કે ફળોનું

વિતરણ સમાન રીતે થઈ રહે એ માટે કંઈક ઉપાય કરવો જોઈએ. આથી ઉપદેશકે જાહેર કર્યું કે ભગવાને તેમને દર્શન આપ્યા છે અને આદેશ આપ્યો છે કે કોઈએ દિવસમાં એકથી વધારે ફળ ખાવું નહીં. આ આદેશનો જે ભંગ કરશે તે પાપમાં પાશે અને સજા પામશે. ઉપદેશકનાં આ વચનો ધર્મગ્રંથોમાં પણ આમેજ કરવામાં આવ્યાં.

સદીઓ સુધી ઉપદેશકે કહેલાં અને ધર્મગ્રંથોમાં આમેજ થયેલા વચનોનું પાલન થતું રહ્યું. દરમિયાન નવી જવી વૈજ્ઞાનિક શોધો થઈ. તે શોધોને કારણે આખોય પ્રદેશ હરિયાળો બન્યો. ધનધાન્યની ઉપજ વધી. અનેક

વૃક્ષો પાંગર્યાં. વૃક્ષો ફળોથી લચી પડ્યાં. તેમ છતાં એક દિવસે એક જ ફળનો નિયમ ચાલુ રહ્યો.

ફળો નીચે પડી સડી જાય છે, તે વાજબી નથી એવું કહેનારા પાપી અને નાસ્તિક ગણાયાં. ધર્મગ્રંથોમાં લખેલાં વચનો વિરુદ્ધ બોલનારાઓનો વિરોધ થયો અને તેમને સમાજ બહાર મૂકવામાં આવ્યા. ધર્મગ્રંથોનું ઉલ્લંઘન કરનારાઓનો કેવો કરુણ અંજામ આવે છે એની કથાઓ રચવામાં આવી. ઉપદેશ આપવા માટે તે કથાઓ ધર્મગુરુઓ દ્વારા દેવળોમાં કહેવામાં આવતી. ફળનો નિયમ પાળ્યો છતાં કેટલાય દુ:ખી હતા. એ વિશે કોઈ કશું બોલતું નહોતું. નિયમનું ઉલ્લંઘન કરનારા

કેટલાય ધનવાન અને સુખી બન્યા હતા તે તરફ આંખ આડા કાન કરવામાં આવતા.

નિયમ બદલવા માટે કશું થઈ શકે તેમ નહોતું. કારણ કે નિયમ આપનાર ઉપએશક તો ક્યારનાય દેવલોક પામ્યા હતા. ધર્મગ્રંથોના શબ્દો અફર ગણાતા હતા. પાપ અને સજાના ભયથી મોટાભાગના લોકો નિયમપાલન કરતા હતા, પણ કેટલાક હિંમતવાન લોકો નિયમનો ભંગ કરી સમૃદ્ધ થયા. કેટલાક છૂપી રીતે નિયમનો ભંગ કરતા અને મનોમન પાપ અનુભવતા.

નિયમોનું જડ પાલન ખોટું છે. સમય અને સંજોગો બદલાય તે પ્રમાણે માનવકલ્યાણ માટે નિયમોનું યોગ્ય અર્થઘટન કરવું જોઈએ. અને જરૂર પડે નિયમ બદલવો કે રદ કરવો જોઈએ. ઈશ્વરના શબ્દો માનવીને દુ:ખ આપવા માટે હોઈ શકે નહીં. એ શબ્દો હંમેશા માનવકલ્યાણ માટે જ હોય.

## [32] મૂળ ઉદ્દેશનું વિસ્મરણ

એક દરિયાકિનારે ઘણા ખડકો હતા. કિનારાથી થોડે દૂર દરિયાનાં પાણી નીચે પણ કેટલીક જગ્યાએ ખડક હતા. અજાણ્યા વહાણો આ પાણી નીચેના ખડકો સાથે અથડાતાં અને ભાંગી જતાં. આવા વહાણમાં

બેઠેલાઓને બચાવવા ત્રણ ચાર પરગજુ સાહસિકોએ જીવનરક્સ:અકો તરીકે કામ ઉપાડ્યું. તેમણે એક ઝૂંપડામાં તેમનું મથક રાખ્યું. એક વહાણ પણ વસાવ્યું. તેમનામાંથી વારાફરતી એક જણ દરિયામાં નજર રાખતો. અથડાયેલું કોઈ વહાણ ડૂબતું દેખાય કે તરત જ આ જીવનરક્ષકો તેમનું વહાણ લઈ ઉપડતા અને વહાણમાં બેઠેલા માણસોને ઉગારતાં.

થોડા વખતમાં જીવનરક્ષકોના મથકનું નામ અને કામ જાણીતાં થઈ ગયા. તેમના કામને આસપાસના લોકોએ વખાણ્યું ને બિરદાવ્યું. તે લોકોમાંથી ઘણાએ પૈસાની મદદ કરી. કેટલાક જીવનરક્ષકના કામમાં જોડાવા અને તેમનો સમય અને શક્તિ આપવા તૈયાર થયા. આસપાસથી

નવા સભ્યો જોડાયા. વધુ વહાણો ખરીદવામાં આવ્યા. ઝૂંપડાને બદલે પાકું મકાન બન્યું જેથી ઉગરનારાઓને રાહત અને સગવડ આપી શકાય.

વહાણ તૂટી પડવાના બનાવ કાંઈ રોજેરોજ બનતા નથી. મથક પરના અને આસપાસના વસેલા માણસોને ઘણી ફુરસદ રહેતી. એટલે સમય પસાર કરવા અને આમોદ પ્રમોદ માટે ક્લબ રચવામાં આવી. ક્લબમાં બધા હળતા મળતા, ઉજવણીઓ કરતા, રમતોમાં રાચતા અને જુગાર પણ રમતા. ધીમે ધીમે એવું થતું ગયું કે લોકો ક્લબમાં વધુ સમય ગાળતા થયા અને જીવનરક્ષક માટેનો ઉત્સાહ મંદ પડતો ગયો. ઉગારવાનું કામ આવી પડે ત્યારે જવા માટે થોડાક જ લોકો તૈયાર થતા.

કેટલાકને વળી જીવનરક્ષકનું કામ ખલેલરૂપ લાગતું. બચીને આવેલ ઘાયલ અને માંદા માણસોને જોઈ તેમને ત્રાસ થતો.

મથકમાં એક બાજુ નિષ્ઠાપૂર્વક જીવનરક્ષકનું કામ કરનારા અને બીજી બાજુ મોજમજા કરનારા એવા બે ભાગ પડી ગયા. અંતે એક સભા બોલાવવામાં આવી. તેમાં જીવનરક્ષકનું કામ કરનારા અને બીજી બાજુ મોજમજા કરનારાઓની ફરિયાદ સાંભળી બીજા છૂટા પડ્યા અને એમણે દરિયાકિનારે થોડે દૂર બીજું મથક સ્થાપ્યું. શરૂશરૂમાં ઉત્સાહમાં ને ઉત્સાહમાં સારું કામ થવા માંડ્યું, પણ સમય જતાં ત્યાં પણ બે વિભાગ પડી ગયા. તેમાંથી ત્રીજા મથકનો જન્મ થયો. આમ તે વિસ્તારમાં થોડે

થોડે અંતરે મથકો બનતા ગયા. પ્રતિષ્ઠા અને કીર્તિ મહત્વના બની ગયાં અને મૂળમાં રહેલો પરોપકારનો હેતુ લક્ષ બહાર જતો રહ્યો.

પરોપકારનું કામ કરનારા મૂળ સ્થાપકોનો હેતુ ઉમદા હોય છે. તેમનો ઉદ્દેશ ઉદાત્ત હોય છે. કાળક્રમે મૂળ હેતુને સ્થાને સંસ્થાના ગૌરવ અને કીર્તિના ખ્યાલ ઉભા થાય છે ત્યારે મૂળ હેતુ બાજુએ રહી જાય છે.

## [33] સાક્ષાત્કાર

શૈલી મિશ્રા નામના ગૃહિણીએ પોતાના જીવનનો એક અનુભવ લખ્યો છે. એમના સપનામાં ભગવાન આવ્યા, ભગવાને સૂચવ્યું કે બીજે દિવસે રાતે આઠ વાગ્યે શૈલીબહેનના ઘરની નજીકની રેસ્ટોરાંમાં સાથે જમીશું. સપના કંઈ હંમેશા સાચાં નથી હોતાં. પણ કોણ જાણે કેમ શૈલીબહેન પર આ સપનાએ ભારે અસર કરી. તેમને લાગતું હતું કે જણાવેલા સમયે રેસ્ટોરાંમાં નહીં જાય તો તેમને જીવનભર વસવસો રહી જશે.

શૈલીબહેન આઠ વાગ્યે રેસ્ટોરાંમાં પહોંચી ગયાં. એમણે બધી ઈન્દ્રિયો સતેજ રાખી. કદાચ ભગવાન એને એકલાંને જ દેખાય કે પછી અદ્રશ્ય રહી તેને કાનમાં કંઈક કહે કે પછી શીતળ લહરરૂપે સ્પર્શીને ચાલ્યા જાય. શૈલીબહેનની નજર રેસ્ટોરાંના દરવાજા પર હતી. એકાએક એમના ટેબલ પરની બાજુની ખુરશી ખસવાનો અવાજ તેમણે સાંભળ્યો. શૈલીબહેને ચમકીને સામું જોયું તો બાજુની ખુરશી ખસેડી એમના કાકા બેઠક લઈ રહ્યાં હતાં.

કાકા ને શૈલીબહેન ઘણા સમયે મળ્યાં હતાં. કાકાએ પૂછ્યું, ‘કોઈની રાહ જુએ છે કે શું?’ શૈલીબહેને ના પાડી. ‘તો ચાલ આપણે સાથે જમીએ.’

કાકાએ પ્રસ્તાવ મૂક્યો. સંમત થયા વિના શૈલીબહેનને છૂટકો નહોતો. કાકાએ કહ્યું, ‘આપણે ચિકન-કરી, તન્દૂરી રોટી ને રાઈસ મગાવીએ.’ શૈલીબહેન હજી આમતેમ જોતા હતાં. પછી એમને લાગ્યું કે એ સપનાને નકામા ગંભીર રૂપે લેતાં હતાં. તેમણે કાકાને કહ્યું, ‘કાકા, ચિકન નહીં, હું નૉન વેજીટેરિયન ખાવા નથી માગતી.’

‘નૉન-વેજ ખાવાનું તેં ક્યારથી છોડી દીધું?’ કાકાએ પૂછ્યું.

‘મેં નૉન-વેજ ખાવાનું છોડી નથી દીધું, પણ આજે નથી ખાવું.’

‘તને શાકાહારી ખોરાક સારો લાગતો હોય તો પછી આજના દિવસ માટે જ શા માટે? સારુ લાગતું હોય તો હંમેશ માટે માંસાહાર છોડી દે ને!’ કાકાએ શાકાહારી વાનગીઓ માટેનો ઑર્ડર આપ્યો. જમવાનું પૂરું થયું. ઘરે જઈ શૈલીબહેન તેમના પપ્પાને સપનાની અને કાકા સાથેના ડિનરની વાત કરી. સપનું સાચું ન પડ્યાનો અફસોસ વ્યક્ત કર્યો.

શૈલીબહેનના પપ્પાએ કહ્યું, ‘સપનાં સાચા પડે છે, પણ આપણે તેનો મર્મ સમજી શક્તા નથી. તું તારી પાંચે ઈન્દ્રિયોને સતેજ કરીને બેઠી હતી, પણ કોઠાસૂઝની છઠ્ઠી ઈન્દ્રિય તેં સતેજ ન રાખી. જે સારું છે તે નિત્ય અપનાવવું જોઈએ એવો ભગવાનનો સંદેશો તને કાકાના મુખેથી મળ્યો.’

ભગવાન હંમેશા કૃષ્ણ, રામ કે ઈશુના સ્વરૂપે નથી મળતા. કોઈની સત્યવાણી, સત્કાર્ય કે શુભ કામનાના સંદેશ સ્વરૂપે ભગવાન મળે છે. બીજા માણસમાં રહેલો સદ અંશ કોઈક રૂપે આપણને પહોંચે એ જ સાક્ષાત્કાર.

## [34] સંત અને જનસમુદાય

એ ભગવાનના માણસ હતા. બધા એમને સંત કહેતા. દેવદૂતો પણ તેમને મહાન ગણતા. જો કે સંતને પોતાની મહત્તાની કોઈ સભાનતા કે ખ્યાલ

નહોતો. ફૂલ જેમ સહજ રીતે ફોરમ પ્રસરાવે છે અને દીવો જેમ પ્રકાશ ફેલાવે છે તેમ સંત તેમની શુભ ભાવના ચોતરફ વરસાવતા રહેતા.

સંતની મહત્તા એ હતી કે સામા માણસનો ભૂતકાળ એ ભૂલી જતા. વર્તમાનની નવ્ય વ્યક્તિ તરીકે એને નિહાળતા. માણસનો દેખાવ ઉવેખી તેની અંતરતમ સદભાવના તેઓ નિરખતા અને દરેકને નિર્દોષ અને નિષ્કલંક માનતા.

સંતની પવિત્રતાથી પ્રસન્ન થઈ ઈશ્વરે એક દેવદૂત સંત પાસે મોકલ્યો. દેવદૂતે સંતને કહ્યું, ‘મને ઈશ્વરે મોકલ્યો છે, તમે ઈશ્વર પાસે કંઈક માગો

એવી ઈશ્વરની ઈચ્છા છે. તમારી માગણી એ પૂરી કરશે. લોકોને રોગમુક્ત કરવાની શક્તિ તમારે જોઈએ છે?'

સંતે ના પાડી, 'એ કામ ઈશ્વરને જ કરવા દો.'

'પાપીઓને સન્માર્ગે લાવવાની શક્તિ તમારે જોઈએ છે?'

સંતે ના પાડી અને કહ્યું, 'માનવહ્રદયનું પરિવર્તન કરવું એ મારું કામ નથી. એ કામ દેવદૂતોનું છે.'

'તમારે આદર્શપુરુષ બનવું છે કે જેથી સૌ તમારું અનુકરણ કરે?'

સંતે ફરી ના પાડી અને કહ્યું, ‘એમ કરશો તો હું સૌના ધ્યાનનું કેન્દ્ર બની જઈશ.’

‘તો તમારે શું જોઈએ?’ અંતે થાકી દેવદૂતે પૂછ્યું.

‘મારે ફક્ત ઈશ્વરની કૃપા જોઈએ.’

દેવદૂતે આગ્રહ કર્યો, ‘ના, એમ નહીં, તમારે કોઈક ચમત્કારિક શક્તિ માગવી જ પડશે. નહીં તો તેવી શક્તિ તમને ફરજીયાત આપવામાં આવશે.’

‘એમ જ હોય તો હું માંગું છું કે મારાથી અજાણ રહે એ રીતે મારાથી સત્કાર્ય થતું રહે.’ સંતે નમ્રતાથી કહ્યું.

‘તથાસ્તુ’ દેવદૂત મારફત ઈશ્વરે કહ્યું. ઈશ્વરે ફરમાન કાઢ્યું કે સંતની પીઠ પાછળ પડતાં સંતના પડછાયાથી શુભ કાર્યો થશે. સંતના પડછાયામાં રોગીના રોગ મટવા માંડ્યા. પડછાયો પડે તે ધરતી ફળદ્રુપ થવા માંડી. ઉજ્જડ ભૂમીમાં ઝરણાંના ફુવારા ઉડતા થયાં અને દુ:ખમાં ડૂબેલાનાં નિસ્તેજ ચહેરા સુખથી હસતા થયા. આ બધાની સંતને ખબર પણ ન હતી. લોકો સંતના પડછાયા પર જ ધ્યાન આપવા માંડ્યા. સંત કે તેમના કાર્યો પર કોઈ જરાય ધ્યાન આપતું નહોતું.

સંતો ભલાઈ કરતા રહે છે, તેમના કાર્યોનું અભિમાન કરવાનું કે તેને યાદ રાખવાની વાત તો બાજુએ રહી, તેમને તેનું ભાન પણ હોતું નથી. બીજે પક્ષે સામાન્યજનો સંતોનાં ચમત્કારિક કાર્યો પર જ ધ્યાન આપે છે. સંત પર ધ્યાન આપવાનું કે તેમને પગલે ચાલવાનું સામાન્ય માણસોને સૂઝતું નથી.

## [35] સર્વ પર એકસરખી કૃપા

બે સાધુઓ યાત્રાએ નીકળ્યા હતા. બંને એક જ ગુરુના શિષ્યો હતા. બંનેમાં મનમેળ સારો હતો. પણ બંનેની પ્રકૃતિ  જુદી હતી. મોટી ઉંમરના

વડીલ સાધુ કરકસર કરવામાં માનતા, બચત કરતા. બીજા શબ્દોમાં કહીએ તો વડીલ સાધુ પરિગ્રહની વૃત્તિ ધરાવતા હતા. નાની ઉંમરના સાધુ ચીજવસ્તુઓ સંઘરવામાં માનતા નહોતા.. જે-તે સમયે વસ્તુનો ઉપયોગ કરી નાખતા. તેને જાળવવાની કે સાચવવાની ભાંજગડમાં પડતા નહોતા. એટલે કે એમની વૃત્તિ અપરિગ્રહની હતી.

યાત્રા કરતાં કરતાં એક દિવસ બંને સાધુઓ એક નદીકાંઠે આવી પહોંચ્યા. નદીને જે કાંઠે તેઓ હતા તે બાજુ ઘોર જંગલ હતું. સામે કાંઠે ગામ વસેલું હતું. સાંજ પડી ગઇ હતી. અંધારું થવા લાગ્યું હતું. સામે કાંઠે પહોંચવું હોય તો હોડીનું ભાડું ચૂકવવું પડે. નાના સાધુએ કહ્યું, ‘આજની રાત આ કાંઠે

ખેંચી કાઢીએ. આવતી કાલે તો જરૂર કોઇ સદગૃહસ્થ મળી રહેશે. તેઓ હોડીમાં સામે કાંઠે જતા હશે તો આપણું ભાડું પણ ચૂકવી આપણને સામેના ગામમાં લઇ જશે.'

વડીલ સાધુએ કહ્યું, 'અહીં તો ઘોર જંગલ છે. રાતે હિંસક પ્રાણીઓ આપણને ફાડી ખાશે. વળી, ઠંડી પણ એટલી છે કે રાતે આપણે ઠૂંઠવાઇ જશું. સામી બાજુએ પહોંચીએ તો ગામમાં આશરો મળશે અને ખાવા-પીવાનું પણ મળશે. મારી પાસે પૈસા છે. નાવિકને ભાડું ચૂકવી આપણે સામે કાંઠે પહોંચી જઇએ.' બંને સાધુ સામે કાંઠે પહોંચી ગયા. ગામલોકોએ રહેઠાણ અને ખાવા-પીવાનો બંદોબસ્ત કરી આપ્યો. વડીલ સાધુએ નાના

સાધુને શિખામણ આપી, ‘જોયું, મેં પૈસા બચાવ્યા હતા તો આપણે અહીં પહોંચી શક્યા અને ઊગરી ગયા. હું પણ તારી જેમ બધું વાપરી નાખતો હોત તો આજે આપણી કેવી દશા થાત?’

નાના સાધુએ જવાબ આપ્યો, ‘તમે તમારા ધનનો ત્યાગ કર્યો, તેને વાપર્યું અને નાવિકને ચૂકવ્યું. તમારી સાચવણ કે પરિગ્રહને કારણે નહીં પણ તમારા ત્યાગને કારણે જ આપણે ઊગર્યા. મારી પાસે કશું નહોતું તોય હું ઊગર્યોને? મેં જોયું કે મારા અપરિગ્રહ છતાં ઇશ્વર મને યથાસમયે સહાય કરે જ છે.’

સૌ સૌની પ્રકૃતિ પ્રમાણે કામ કરે છે, પણ ઇશ્વરે એવી વ્યવસ્થા કરી છે કે સર્વ પ્રકારના જીવોને સહાય મળી રહે છે.

## [36] સારો માણસ, ક્રોધી સંત

ઓગણીસમી સદીમાં જાપાનની રાજધાની ટોકિયોમાં બુદ્ધ-વિચાર અને ધર્મ જાણનારા બે વિદ્વાન હતા. એકનું નામ ઉન્શો હતું ને બીજાનું નામ હતું ટાન્ઝાન. ઉન્સો શાળામાં શિક્ષક હતા. બુદ્ધના ઉપદેશ અને ધર્મના નીતિનિયમોનું એ ચુસ્ત રીતે પાલન કરતા. વહેલી સવારમાં મળસકે ઊઠી જતા. ધ્યાન ધરતા. રાતે વહેલા સૂઇ જતા. સૂર્ય બપોરે પશ્ચિમ દિશામાં

ઢળવા માંડે તે પછી મોઢામાં અન્નનો દાણોય ન નાખતા. નશો તો ક્યારેય ન કરતા. શરાબથી દૂર રહેતા. સંત જેવું જીવન જીવતા.

ટાન્ઝાન નામ ધરાવતા બીજા વિદ્વાન યુનિવર્સિટીમાં અધ્યાપક હતા. એ બૌદ્ધ ધર્મના વિદ્વાન હતા. એ બૌદ્ધ ધર્મના વિદ્વાન ખરા, પણ એમનું જીવન મોજીલું હતું. ખાઇ-પીને મજા કરતા. બધા સાથે હળતા-ભળતા, હસતા અને હસાવતા, નાના-મોટા સૌને માન આપતા. ક્યારેક જ છાંટો-પાણી લેવાનોય છોછ નહીં. એક દિવસ ટાન્ઝાન શરાબ પીતાં પીતાં મસ્તીમાં બેઠા હતા. ત્યાં ઉન્શો આવી ચડ્યા. ટાન્ઝાનને શરાબ પીતા જોઇ ઉન્શોને

ગુસ્સો ચડ્યો. એમણે ગુસ્સાને દબાવી રાખ્યો, પણ મનોમન એ ધૂંવાંપૂવાં હતા.

ટાન્ઝાને ઉન્શોને આવકાર્યા, 'આવ મિત્ર ઉન્શો, આવ. લે થોડોક શરાબનો ટેસ્ટ કર.'

ઉન્શોએ ગુસ્સે થઇ જવાબ આપ્યો, 'હું કદી શરાબ પીતો નથી.'

ટાન્ઝાને કહ્યું, 'મિત્ર ઉન્શો, આપણે બધા માનવી છીએ. આપણામાં અપૂર્ણતા રહેવાની જ. થોડું ઘણું ભલું-બૂરું થયા કરે. શરાબ પીવો એ તો માનવ-લક્ષણ છે.'

ઉન્શોનો ગુસ્સો સાતમે આસમાને ગયો. એ ટાન્ઝાન પર ધસી ગયા. ફક્ત પ્રહાર કરવાનું બાકી રાખ્યું અને રોષથી કહ્યું, ‘એટલે તું શું કહેવા માગે છે? હું શરાબ નથી પીતો એટલે શું હું અ-માનવ છું? હું માણસ નથી તો શું છું?

ટાન્ઝાને શાંતિથી જવાબ આપ્યો, ‘બુદ્ધ, તું માનવી નહીં પણ બુદ્ધ છે.’

આમ ટાન્ઝાન હસી પડ્યો અને ઉન્શોને ભેટવા ઊભો થયો, પણ ઉન્શો ટાન્ઝાનનું અપમાન કરી પગ પછાડતો ચાલ્યો ગયો.

મરણ પછી ટાન્ઝાન બોધિસત્ત્વ પામ્યા જ્યારે ઉન્શોને ફરીવાર જન્મ-જન્માંતરના ફેરામાં ફરવાનું થયું.

સૂફી જુનેદ કહે છે તે પ્રમાણે ખરાબ સ્વભાવના સંત કરતાં સારા સ્વભાવનો સંસારી માણસ ઊંચો છે.

## [37] લાયકાતની કસોટી

શેઠ વૃદ્ધ થયા હતા. તેમણે પોતાની રીતે વેપાર-ધંધો વિકસાવ્યો હતો. તેમણે મોટા ઉદ્યોગનો પાયો નાખ્યો હતો. તેમના બંને દીકરાઓ ખૂબ

ભણ્યા અને ઇકોનૉમિક્સ અમે મેનેજમેન્ટ વિજ્ઞાનમાં નિષ્ણાત બન્યા. જમાનો બદલાયો હતો. ધંધા-ઉદ્યોગની રીત-રસમ બદલાઇ હતી, ભારે હરીફાઇ કરવી પડતી અને આ બધાને પહોંચી વળવા કુનેહથી કામ લેવું પડતું. આ માટે કાબેલ મૅનેજરો નીમવા પડતા અને એમને દેશ-વિદેશ મોકલવા પડતા. આ સંજોગોમાં શેઠ નિવૃત થઇ ગયા અને બધો કારભાર દીકરાઓને સોંપી દીધો. જોતજોતામાં શેઠનો ઉદ્યોગ દેશનો નંબર વન ઉદ્યોગ બની રહ્યો.

આ બધી સિદ્ધિ પાછળ શેઠના દીકરાઓ ઉપરાંત દીકરાઓના એક ખાસ મિત્રની જહેમત હતી. મુખ્ય વહીવટી અધિકારી તરીકે એ માર્ગદર્શન

આપતો, નીચેના માણસો પાસે કામ લેતો, ચારે તરફ નજર રાખતો અને દીકરાઓ તેમજ કંપનીના કર્મચારીઓ વચ્ચે સેતુ બની બધું સાચવતો. એકાએક એ મિત્રનું અવસાન થયું. ઉદ્યોગનો પથારો બહુ મોટો હતો. ઘણા બધા અધિકારીઓ હતા, પણ મૃત્યુ પામેલા પેલા મિત્રનું સ્થાન લઇ શકે તેવું કોઇ નહોતું.

મિત્રની જગ્યા ભરવા દીકરાઓએ પ્રયત્નો કર્યા. બિઝનેસ-સ્કૂલોમાં તપાસ કરી, જાહેરાતો આપી, મોટી મોટી કંપનીના અનુભવી માણસોને ચકાસ્યા. અંતે ભાઇઓની નજર બે વ્યક્તિઓ પર ઠરી, પણ એક ભાઇનું મન એક

પર ઢળ્યું હતું જ્યારે બીજાનું મન બીજા પર ઢળ્યું હતું. ભાઇઓ મૂંઝાતા હતા.

દીકરાઓની મૂંઝવણ દૂર કરવા વૃદ્ધ પિતા મદદે આવ્યા. તેમણે કિશોર વયની છ વ્યક્તિઓ તૈયાર કરાવી. છએ છ જણના ચહેરા એકસરખા કોમળ, કપડાં એકસરખાં ને ટાપટીપ પણ એકસરખી. ઊંચી લાયકાતવાળા બંને અનુભવી ઉમેદવારોને એક પછી એક બોલાવ્યા. તેમને કહ્યું કે આ છમાં ત્રણ કિશોર છે અને ત્રણ કિશોરી છે. કિશોર કોણ કોણ છે અને કિશોરી કોણ કોણ છે તે પારખી બતાવો. વાતચીત કરવાની છૂટ નહોતી, પણ દૂરથી કોઇ સાદી કસોટી કરવાની છૂટ આપી હતી.

પહેલા ઉમેદવારે આમતેમ નજર કરી, ઊંચે જોયું, નીચે જોયું, પણ એ પરખ કરી શક્યો નહીં. બીજા ઉમેદવારે પાણી ભરેલા છ પ્યાલા અને છ નેપ્કિન મંગાવ્યા. છ એ છ જણને ચહેરો ધોવા અને લૂછવા સૂચના આપી. ત્રણ જણે ચહેરા પર પાણીની છાલકો મારી અને નેપ્કિનથી ઘસીને લૂછ્યું. ત્રણ જણે ચહેરા પર પાણીની છાલકો મારી અને નેપ્કિન ચહેરા પર થપક થપક દબાવી ચહેરો સૂકો કર્યો. ઉમેદવારે પારખી બતાવ્યું કે પહેલા ત્રણ હતા એ કિશોરો, પછીના ત્રણ એ કિશોરીઓ. બીજા ઉમેદવારને નીમવા શેઠે સલાહ આપી.

બીજી બધી લાયકાતો ઊંચી અને સરખી હોય, પણ જેની નિરીક્ષણશક્તિ બારીક અને ઊંડી, અનુભવમાંથી તારવણી સચોટ અને ઉકેલ માટેની કોઠાસૂઝ પાકી, તે શ્રેષ્ઠ.

## [38] વળગણ અને સમજણ

એક ફકીર કબ્રસ્તાન પાસે ઝૂંપડી બાંધી રહેતા હતા. દિવસે ખેરાત માગવા જાય અને રાતે ઝૂંપડીમાં સૂઇ રહે. એક દિવસ ખેરાત માગવા નીકળ્યા ત્યાં રસ્તામાં કોઇએ ત્યજી દીધેલું બાળક  તેમણે જોયું. ફકીરે બાળકને

ઊંચકી લીધું. બાળકનો જીવ બચાવવા તેને ઝૂંપડીએ લઇ આવ્યા અને તેનો ઉછેર કરવા માંડ્યા. ધીમે ધીમે બાળક મોટું થતું ગયું.

સહેજ વધારે મોટું થયું એટલે બાળક ઝૂંપડીમાંથી નીકળીને આસપાસમાં બહાર ચાલી જવા માંડ્યું. અંધારું થઇ જાય તોય કબ્રસ્તાનમાં જઇ એ રમતું. ફકીરને ફિકર થઇ. બાળક ક્યાંક ખોવાઇ જાય કે અડફેટમાં આવી જાય એવો ડર લાગ્યો. આથી ફકીરે બાળકના મનમાં ઠસાવ્યું કે અંધારામાં કે કબ્રસ્તાનમાં જઇએ તો ભૂત-પલીત ઉપાડી જાય અને ખાઇ જાય. બીકના માર્યા બાળકે અંધારામાં, એકલા કે કબ્રસ્તાનમાં જવાનું બંધ કર્યું.

બાળક વધારે મોટો થયો ત્યારે બાળકને હૉસ્ટેલમાં રાખી ભણવા મૂક્યો. બાળક ભણ્યો-ગણ્યો અને યુવાન થયો. ભણી-ગણી નોકરી-ધંધે અને સંસારમાં જોડાય તે પહેલાં યુવાન ફકીરને ત્યાં થોડા દિવસ ગાળવા આવ્યો. ફકીરે જોયું કે યુવાનમાં હજી અંધારાનો ને કબ્રસ્તાનો ભય હતો. તે એકલો જતો ન હતો. ફકીર સમજી ગયા કે બાળપણમાં આરોપેલો ભય હજી ગયો ન હતો. યુવાનમાંથી એ ભય કાઢવા ફકીરે તેને એક તાવીજ આપ્યું અને કહ્યું કે આ તાવીજ બાંધી રાખ. એ તારું રક્ષણ કરશે. તું એકલો હોય, અંધારામાં હોય કે કબ્રસ્તાનમાં હોય, કશો વાંધો નહીં આવે.

તાવીજને કારણે યુવાનમાં હિંમત આવી. તે હવે કોઇ પણ જગ્યાએ, અંધારામાં કે કબ્રસ્તાનમાં જતાં ડરતો નહોતો. પણ હવે યુવાનને તાવીજનું વળગણ થઇ ગયું. તાવીજ બાંધ્યા વગર એ બહાર નીકળતો જ નહીં. તાવીજ આડું-અવળું થઇ જાય કે મળે નહીં તો તે બેબાકળો થઇ જતો અને બહાર નીકળતો જ નહીં. ફકીરને થયું ભૂત-પલીત ગયાં અને તાવીજ આવ્યુ. તાવીજનું વળગણ છોડાવવા ફકીરે તાવીજ લઇને સળગતી ભઠ્ઠીમાં નાખી દીધું. તાવીજ ભસ્મીભૂત થઇ ગયું. યુવાન તો ગભરાઇ ગયો. ફકીરે તેને સમજાવ્યું કે, ‘જે તાવીજ પોતાનું રક્ષણ કરી શકતું નથી તે તારું રક્ષણ શું કરવાનું? આત્મવિશ્વાસ અને અંદરથી હિંમત

કેળવ અને આગળ વધ.' સાચી સમજણ મળી એ પછી યુવાનનો ડર ચાલ્યો ગયો અને એ આત્મવિશ્વાસથી આગળ વધવા લાગ્યો.

ભયથી જન્મેલી પ્રીત સાચી નથી. ભયને કારણે ઇશ્વરનું શરણ લેવાનું નથી. ઇશ્વર સર્વત્ર છે અને આપણું રક્ષણ કરે છે એવી સમજણ અને શ્રદ્ધાથી જીવવું એ સાચો ધર્મભાવ છે.

## [39] ઋણાનુબંધ

જમનાદાસભાઇ મુંબઇમાં રહે. તેમના એક મિત્ર આફ્રિકામાં મોંબાસા શહેરમાં જઇ વસેલા. એ મિત્ર જમનાદાસભાઇ સમક્ષ અવારનવાર ઝાંઝીબારના પોપટનાં બહુ વખાણ કરે. ઝાંઝીબાર આફ્રિકામાં આવેલું છે. આમ તો પોપટ બધેય લગભગ સરખા જ હોય, થોડોઘણો તફાવત હોય, પણ પેલા મિત્ર મોંબાસાથી પોપટ લઇ આવ્યા. આ તો પિસ્તાળીસ-છેતાલીસ વર્ષ પહેલાની વાત. તે વખતે ભારત અને આફ્રિકા વચ્ચેમોટા ભાગે સ્ટીમરથી આવ-જા થતી.

પોપટની આવરદા આમ પચાસ-પંચાવન વર્ષની ગણાય. મિત્રને ત્યાંથી સોગાતરૂપે પોપટ જમનાદાસભાઇને ત્યાં આવ્યો ત્યારે તેની વય પાંચ-છ વર્ષની હતી. પોતાનું નાનું પાંચ-છ વર્ષનું બાળક હોય તે રીતે જ જમનાદાસભાઇ પોપટને ઉછેરવા માંડ્યા. પોપટનું નામ પાડ્યું ‘ગોવિંદ’.

ગોવિંદને જામફળ, બીજાં ફળ, મરચાં, ટામેટાં જેવો ખોરાક નિયમિત અપાતો. ગોવિંદ કુટુંબનો માણસ હોય તે રીતે ઘરના સૌ ગોવિંદ સાથે વ્યવહાર કરતા. બહાર જાય ત્યારે ગોવિંદને ‘આવજે’ કહે, ગોવિંદ પણ ‘આવજો’ કહી પડઘો પાડે; ઘરનું કે બહારનું કોઇ આવે તો ગોવિંદ ‘આવો’ કહી આવકાર આપે, ‘કેમ છો?’ કહી ખબર પૂછે, ફોનની ઘંટડી વાગે તો

'એલાવ' 'એલાવ' બોલવા માંડે. અલબત્ત, આ બધો જ વાગ્વ્યવહાર એ કચ્છી ભાષામાં જ કરતો, કારણકે જમનાદાસભાઇના ઘરમાં કુટુંબીજનો કચ્છી ભાષામાં જ બોલ-ચાલ કરતા હતા.

ગોવિંદ ઘરના સાથે એવો કુટુંબીજન જેવો થઇ ગયો કે ઘરના સૌ સવારે ને બપોરે ચા પીએ ત્યારે તે પણ સૌની સાથે ચા પીતો. એટલું જ નહીં, ચા નવશેકી ગરમ જ જોઇએ, ઠંડી હોય તો ન ચાલે, ચા ઠંડી થઇ હોય તો ન પીએ.

આ રીતે ગોવિંદ જમનાદાસભાઇના કુટુંબીજન તરીકે છેતાળીસ વર્ષ રહ્યો. પ્રાણીમાત્ર માટે મૃત્યુ લખાયેલું જ છે. એ રીતે ગોવિંદનું મૃત્યુ નજીક આવ્યું. તેણે ડોકું નીચે નાખી દીધું. કુટુબીજનો તેને ડૉક્ટર પાસે લઇ ગયા. ડૉક્ટરે કહ્યું,'છેલ્લો શ્વાસ છે'. ગોવિંદને ઘરે લાવ્યા. તેના મોંમાં ગંગાજળ મૂક્યું. રામે જટાયુની અંત્યેષ્ટિ વિધિ કરી હતી તે જ રીતે જમનાદાસભાઇના કુંટુંબીજનોએ પણ ગોવિંદ જાણે મનુષ્ય હોય તેમ ગોવિંદની સર્વ અંત્યેષ્ટિ વિધિ કરી અને અગ્નિસંસ્કાર કર્યો. ઘરના સૌએ શોક પાળ્યો.

તાજેતરમાં બનેલી આ સત્યઘટના ઋણાનુબંધના તાણાવાણા સમજાવે છે. ક્યાં મોંબાસા, ક્યાં મુંબઇ, ક્યાં માણસ ! વૈશ્વિક ચેતના અદભુત રીતે જોડાયેલી છે.

## [40] વૈરાગ્ય અને સંસાર

સુખદેવ નામે એક મોટા મુનિ થઇ ગયા.તેમણે ઇશ્વરની ઘણી ભક્તિ કરી હતી. કઠોર તાપસ જીવન ગાળ્યું હતું અને અભ્યાસ કરી જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હતું. આ રીતે સંપન્ન થયાનું એમને ભારે અભિમાન હતું. તેમના પિતા મોટા ઋષિ હતા. સુખદેવ મુનિને ઋષિપિતાએ સલાહ આપી, ‘રાજા જનક

પાસે જા. તેમની પાસેથી તને થોડું શીખવા મળશે.' સુખદેવે ઘસીને ના પાડી દીધી અને કહ્યું. 'એ ગૃહસ્થી અને સંસારી છે જ્યારે હું તપસ્વી છું, એ રાજા છે જ્યારે હું ઋષિપુત્ર છું, એમની પાસેથી મારે શું શીખવાનું?' પિતા-પુત્ર વચ્ચે ઘણો વિવાદ થયો. અંતે નારદ વચ્ચે પડ્યા અને તેમના આગ્રહથી સુખદેવે જનકરાજા પાસે જવાનું સ્વીકાર્યું.

સુખદેવ જનકરાજા પાસે ગયા ત્યારે રાજા સિંહાસન પર બેઠા હતા. તેમના એક પગે એક સુંદર સ્ત્રી માલીશ કરી રહી હતી અને બીજો પગ અગ્નિમાં હતો. સુખદેવને આશ્ચર્ય થયું, પણ તે દૃશ્યનો સંકેત એ સમજી ન શક્યા. રાજા સિંહાસન પરથી ઊઠી બીજા ખંડમાં ગયા અને સુખદેવને બેસાડ્યા.

એટલામાં અનુચર દોડતો દોડતો આવ્યો અને સમાચાર આપ્યા, ‘મહારાજ, નગરમાં પ્રચંડ આગ લાગી છે.’ મહારાજે અનુચરને કેટલીક સૂચનાઓ આપી અને પછી શાંતિથી બેસી સુખદેવ સાથે વાતોએ વળગ્યા. ત્યાં બીજો અનુચર આવ્યો અને તેણે ખબર આપ્યા, ‘મહારાજ, નગર લગભગ ભસ્મીભૂત થવા આવ્યું છે અને આગ મહેલ સુધી પહોંચી ગઇ છે.’ જનકરાજા બોલ્યા, ‘જેવી ઇશ્વરની ઇચ્છા.’ આમ કહી તેમણે અનુચરને વિશેષ સૂચનાઓ આપી. રાજા પાછા શાંતિથી સુખદેવ સાથે ચર્ચા કરવા લાગ્યા.

સુખદેવને થયું કે આ તે કેવો રાજા છે! નગર ભસ્મીભૂત થવા આવ્યું છે. આગ અહીં સુધી પહોંચી છે તોય શાંતિથી બેસી રહ્યો છે. સુખદેવ તો ઊભા થઇ ગયા. તેમણે એકઠાં કરેલાં કાષ્ઠની નાનકડી ભારી અને વસ્ત્રોની પોટલી લઇ તેમણે નાસી છૂટવાની તૈયારી કરી. ત્યાં અનુચરે આવી કહ્યું, ‘મહારાજ, આપશ્રીની સૂચના પ્રમાણે કર્યાથી આગ કાબૂમાં આવી રહી છે.’

રાજાએ સુખદેવને બેસાડ્યા અને કહ્યું, ‘મુનિશ્રી, સંસારમાં રહેનારનો એક પગ સુખમાં હોય છે તો બીજો દુ:ખમાં હોય છે. આજુબાજુ આધિ-વ્યાધિ-ઉપધિ વીંટળાયેલી હોય તોય સંસારી નાસી જતો નથી. મારું નગર, મહેલ અને બધી સંપત્તિ બળવાની તૈયારીમાં હતી, પણ હું ઇશ્વરમાં શ્રદ્ધા રાખી

શાંતિથી કામ કરતો રહ્યો ત્યારે તમે તો તમારી જરીક જેટલી સંપત્તિની ચિંતા કરી નાસવા તૈયાર થઇ ગયા.' સુખદેવનું અભિમાન ઓગળી ગયું.

તપ કરવું, જ્ઞાન મેળવવું અઘરું છે, પરિશ્રમ માગી લે છે અને ઇષ્ટ છે, પણ સંસારમાં રહી ઇશ્વરમાં શ્રદ્ધા રાખી શાંતિથી પોતાની ફરજો બજાવવી એ પણ એટલું જ અઘરું છે.

## [41] ઇશ્વરની મદદ

પ્રાર્થના સમયે ધર્મપ્રવચન આપવાની ખ્રિસ્તી ધર્મમાં પ્રથા છે. આવું પ્રવચન દેવળના પાદરી અગાઉથી તૈયાર કરે છે. દેવળમાં બેસી એક પાદરી પ્રવચન લખી રહ્યા હતા. એવામાં તેમણે ધડાકાનો મોટો અવાજ સાંભળ્યો. પાદરી ચોંકી ઊઠ્યા. તેમણે બારી પાસે જઇ બહાર નજર કરી. એમણે જોયું કે નદી પર બાંધવામાં આવેલો બંધ તૂટ્યો હતો.

પાદરીએ જોયું કે બંધ તૂટવાને કારણે નદીના પૂરનું પાણી ધસમસાટ ગામ તરફ આવી રહ્યું હતું. પૂર એવું ભારે હતું કે થોડી જ વારમાં ગામ

ઉપર પાણી ફરી વળે એવું લાગતું હતું. લોકોમાં નાસભાગ મચી ગઇ હતી. પાદરીને પણ સહેજ ભય તો લાગ્યો, પણ બીજી ક્ષણે એમના પોતાના હોદ્દાનો અને પોતાના કામનો ખ્યાલ આવ્યો. તેમણે માન્યું કે પોતે દેવળમાં છે, ધર્મગુરુ છે અને વળી ધર્મપ્રવચન લખી રહ્યા છે તેથી ઇશ્વર તેમને ઊની આંચ પણ નહીં આવવા દે. ગામ જળબંબાકાર થઇ ગયું, ઘણા બધા લોકો તો નાસી છૂટ્યા હતા. બીજા કેટલાક બચવા માટે હોડીમાં બેસી ભાગતા હતા. પાણી દેવળ આસપાસ પણ ફરી વળ્યું. પાણી વધીને છેક દેવળની બારી પાસે પહોંચ્યું. પાદરી ઊભા ઊભા બધું જોઇ રહ્યા હતા. ત્યાં એક હોડી પસાર થઇ. તેમાં બેઠેલા લોકોએ પાદરીને કહ્યું, ‘હોડીમાં બેસી જાઓ.’

પાદરીએ શાંતિથી જવાબ આપ્યો, 'મારે બેસવાની જરૂર નથી. મને વિશ્વાસ છે કે ઇશ્વર મને બચાવશે.' હોડી તો વહેતી થઇ. પાણી ચડતું જ ગયું. પાદરી દેવળની અગાસીએ ચડી ગયા. એટલી વારમાં બીજી હોડી પસાર થઇ. તેમાં બેઠેલા લોકોએ પણ પાદરીને હોડીમાં આવી જવા વિનંતી કરી. પાદરીએ ફરી ના પાડી.

પાણી વધતું ચાલ્યું. પાદરી છેક દેવળની ટોચ પર ચડી ગયા. પાણી તેમના ઘૂંટણ સુધી આવી ગયું. પાદરીને બચાવવા એક ખાસ મોટરબોટ મોકલવામાં આવી. મોટરબોટનો ઑફિસરે પાદરીને મોટરબોટમાં આવી

જવા કહ્યું. પણ પાદરીએ ફરી ના પાડી. પરિણામ એ આવ્યું કે પાદરી ડૂબી ગયા.

પાદરી સ્વર્ગમાં પહોંચ્યા. તેમણે ઇશ્વરને ફરિયાદ કરી. ‘મેં તમારામાં વિશ્વાસ રાખ્યો હતો. તમે મને કેમ ન બચાવ્યો?’ ઇશ્વરે જવાબ આપ્યો, ‘મેં તને બચાવવા ત્રણ ત્રણ હોડી તો મોકલી હતી.’

મનુષ્યને બચાવવા ઇશ્વર તક આપે છે. તે તકનો ઉપયોગ કરવો જોઇએ. હાથ જોડીને બેસી રહીએ તો ઇશ્વરે મોકલેલી મદદ પણ કામ ન આવે.

[42] રામ રાખે તેને કોણ ચાખે

પર્શિયાના જાસૂસો ખબર લાવ્યા હતા કે હિન્દુસ્તાનના શહેનશાહ પર્શિયા પર આક્રમણ કરવાના છે. તે રોકવા પર્શિયાના બાદશાહે રાજદૂત મોકલવા વિચાર્યું. ઉમરાવો, દરબારીઓ અને ખુશામતિયાઓએ પોતાની નિમણૂકની માગણી અને ખટપટો ચાલુ કરી દીધી. બાદશાહ તેનાથી કંટાળી ગયા. અકળાઇને તેમણે દરબારમાં ક્યારેક જ આવતા અને એક ખૂણે શાંતિથી બેસી રહેતા મુલ્લા નસરુદ્દીનને રાજદૂત તરીકે નીમી દીધા. નસરુદ્દીનને હિન્દુસ્તાન જવા હુકમ કર્યો. હિન્દુસ્તાનના શહેનશાહને સોગાત આપવા માટે સોનામહોરો અને હીરામોતી ભરેલી સંદૂક આપ્યાં.

બાદશાહે કરેલી નિમણૂક ખટપટિયાઓને ગમી નહીં. એ બધા હવે નસરુદ્દીન સામે એક થઇ ગયા. નસરુદ્દીનની હાંસી થાય તેવો પેંતરો તેમણે રચ્યો. નસરુદ્દીનને ત્યાં જઇ તેમણે રાજાશાહી રીતભાતનું પાલન કરવા નસરુદ્દીનને સલાહ આપી, 'શહેનશાહને 'પૂરા ખીલેલા ચાંદ' તરીકે સંબોધજો.' નસરુદ્દીને કહ્યું, 'પણ એ તો આપણા બાદશાહનો ખિતાબ છે!' ખટપટિયાઓએ કહ્યું કે હિન્દુસ્તાનના શહેનશાહનો ખિતાબ પણ એ જ છે. બાદશાહે આપેલી સંદૂકોમાંથી ખટપટિયાઓએ સોનામહોરો અને હીરામોતી કાઢી લઇ માટી ભરી દીધી.

નસરુદ્દીન તો હિન્દુસ્તાન પહોંચ્યા. શહેનશાહને કુરનિસ બજાવી સંબોધન કર્યું, ‘પૂરા ખીલેલા ચાંદ સમા આલમપનાહ, પર્શિયાના બાદશાહે તમને સલામ કહ્યા છે.’ હિન્દુસ્તાનના શહેનશાહને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું કે મને પૂરો ખીલેલો ચાંદ કહો છો તો તમારા બાદશાહને શું કહો છો. નસરુદ્દીન મૂંઝાયા, પણ ચતુરાઇથી જવાબ આપ્યો કે તેમનું સંબોધન હું નવા ઊગેલા ચાંદ તરીકે કરું છું. હિન્દુસ્તાનના વજીરે શહેનશાહના કાનમાં સમજાવ્યું કે રાજદૂતે તમને પૂરા ખીલેલા ચાંદ કહ્યા એટલે તમે વધારે પ્રકાશમાન અને પર્શિયાના બાદશાહ ઊગી રહેલા ચાંદ એટલે ઓછા પ્રકાશવાળા.

નસરુદ્દીને પછી સોગાતની સંદૂકો ખાલી કરી. ભર દરબારમાં માટી નીકળી પડી. શહેનશાહ રાતાપીળા થઇ ગયા, પણ વજીરે કાનમાં સમજાવ્યું કે પર્શિયાના બાદશાહે સંકેત મોકલ્યો છે કે તમે સમસ્ત ધરતીના શહેનશાહ છો, પછી પર્શિયાની શી વિસાત છે? શહેનશાહ ખુશ થઇ ગયા. પર્શિયા પર હુમલો કરવાનો વિચાર માંડી વાળ્યો અને નસરુદ્દીનને ભેટસોગાદો આપી વળાવ્યા.

નસરુદ્દીન ફતેહ કરી પાછા અવ્યા. ખટપટિયાઓએ શહેનશાહને ચડાવ્યા. નસરુદ્દીને હિન્દુસ્તાનના બાદશાહને પૂરા ખીલેલા ચાંદ કહ્યા અને તમને ઊગતા ચાંદ કહ્યા. નસરુદ્દીને સમજાવ્યું કે પૂરો ચાંદ તો રોજ ઘટતો જાય

અને ઊગતો ચાંદ રોજ વધતો જાય તેથી મેં તો તમને વધારે સારા ગણાવ્યા કહેવાય. ખટપટિયાઓએ પછી માટીની વાત કહી. નસરુદ્દીને કહ્યું, 'મેં તો સમજાવ્યું કે રાજ્ય તો આખરે ધરતી ને માટી જ છે. તે સમજવાથી હિન્દુસ્તાનના શહેનશાહે આપણા રાજ્ય પર હુમલો કરવાનું માંડી વાળ્યું.' બાદશાહ ખુશ થયા અને હિન્દુસ્તાનના બાદશાહે આપેલી સોગાતો નસરુદ્દીનને આપી દીધી.

કોઇ ગમે એટલું બૂરું ચાહે, ધાર્યું ઇશ્વરનું જ થાય છે. રામ રાખે તેને કોણ ચાખે.

## [43] વૃત્તિ અને પ્રવૃત્તિ

એક સજ્જન પાસે મબલખ સંપત્તિ હતી. તેમના મનમાં વિચાર આવ્યો, ‘આ સંપત્તિ મારી સાથે તો આવવાની નથી. શા માટે એ દીન-દુ:ખિયાઓમાં વહેંચી ન દેવી? તે બિચારાઓનાં દુ:ખ દૂર થશે અને મને પુણ્ય મળશે.’ કોને કોને પૈસા આપી મદદ કરવી તેની યાદી તેમણે બનાવવા માંડી. સૌથી પહેલાં એમની નજીકનાં હતાં તે સૌ સગાં, વહાલાં, સંબંધી અને જ્ઞાતિજનોનાં નામ લખ્યાં. પછી થયું કે આવી સહાય તો બહુ સંકુચિત ગણાશે તેથી તેણે ગરીબોની ચાલીઓ, ઝૂંપડપટ્ટીઓ અને આવાં સ્થળોએ રહેતા લોકોમાં દાન આપવાનું વિચાર્યું. વળી પાછું થયું કે આવાં

સ્થળોએ લુચ્ચા, લફંગા, દારૂડિયા અને એવા બધા લોકો પણ રહેતા હોય. તેમને આપેલું દાન તો કુપાત્રે જાય.

એક ડાહ્યા સાધુપુરુષ પાસે એ સજ્જન સલાહ લેવા ગયા. પોતાની મૂંઝવણ જણાવી. સાધુપુરુષે એક નાનકડી કથા કહી સંભળાવી:

ત્રણ માછીમારોને દરિયા પર તરી રહેલી બાટલી મળી. બાટલીમાંથી ચબરખી નીકળી. ચબરખીમાં લખ્યું હતું. ‘કોઇ બચાવો મને! દરિયાએ મને આ રણ જેવા ટાપુ પર ફંગોળી દીધો છે. મદદની રાહ જોતો હું કિનારે ઊભો છું. જલદી આવો!’

પહેલા માછીમારે કહ્યું, ‘આ ચિઠ્ઠી પર તારીખ તો લખી નથી. મને ખાતરી છે કે આ બાટલી વર્ષોથી દરિયા પર તરી રહી હશે અને ચિઠ્ઠી લખનારો ક્યારનોય મરી ગયો હશે.’

બીજા માછીમારે કહ્યું, ‘એ ક્યા કિનારે ઊભો છે એ તો એણે લખ્યું નથી. કયો દરિયો એ પણ જણાવ્યું નથી. આપણે ક્યાં જઇ એને મદદ કરીએ?’

ત્રીજો માછીમાર બોલ્યો, ‘હજી કંઇ બહુ મોડું નથી થયું અને સ્થળ પણ દૂર નહીં હોય. અહીં જે ટાપુ છે એ જ ટાપુ સર્વત્ર છે. ચાલો આપણે મદદની રાહ જોઇ રહેલા માણસની વહારે નીકળી પડીએ.’

કથા સાંભળી સંપત્તિવાન સજ્જન વિચારમાં પડી ગયા. સાધુપુરુષે સમજણ પાડી કે આપણામાં રહેલી સદવૃત્તિ આપણને સારાં કામ કરવા પ્રેરે છે. સદવૃત્તિઓની નીચે અચેતન માનસમાં સ્વાર્થ, લોભ, લાલચ જેવી અસદવૃત્તિઓ પડેલી છે. બુદ્ધિની મદદથી અસદવૃત્તિઓ રૂપાળી દલીલો શોધી કાઢે છે અને આપણને સારાં કામો કરતાં રોકે છે. પહેલા બે માછીમારો આવાં બહાનાંઓ બતાવી સત્કર્મમાંથી ચળવા માગતા હતા જ્યારે ત્રીજો માછીમાર પોતાનાથી થઇ શકે તે બધું કરી છૂટવા તત્પર હતો. એ ત્રીજા માછીમારની જેમ સદવૃત્તિનું સતપ્રવૃત્તિમાં રૂપાંતર કરવાનું છે.

ફક્ત સદવૃત્તિ હોય તે પૂરતું નથી. સદવૃત્તિ દોરવે તે મુજબ મન મૂકીને થાય એટલું કરી છૂટવું જોઇએ. તેનો લાભ યોગ્ય વ્યક્તિઓને મળશે કે નહીં તે આપણેવ વિચારવાનું નથી. જેને પણ લાભ થાય તે ખરો. આખરે તો આ વિશ્વનો ટાપુ અને વિશ્વચેતના એક અને એક જ છે.

## [44] અધ્યાત્મનો સર્વાંગી માર્ગ

બૌદ્ધ ધર્મનો ઉદય ભારતમાં થયો. પણ પછીથી ચીન અને જાપાન જેવા બીજા અનેક દેશોમાં તેનો પ્રભાવ પથરાયો. બૌદ્ધ ધર્મના જ એક પ્રવાહ સ્વરૂપે જાપાનમાં ઝેન ફિલસૂફીનો વિકાસ થયો. ઝેનમાર્ગમાં ઘણા મોટા

ચિંતકો થઇ ગયા જેમણે સરળ દાખલાઓથી ધર્મનો સાચો માર્ગ દેખાડ્યો. હુએ-જેન્ગ આવા એક મોટા ચિંતક અને સાધક હતા.

હુએ-જેન્ગે એક દિવસ નિહાળ્યું કે તેમનો શિષ્ય માત્ઝુ ઊંડાં ધ્યાનમાં મગ્ન હતો. ત્યાર પછી હુએ-જેન્ગના જોવામાં આવ્યું કે માત્ઝુ નો ધ્યાનનો સમય રોજ રોજ વધતો જતો હતો. તેનું ધ્યાન વધારે ને વધારે તીવ્ર બનતું જતું હતું. હવે તો માત્ઝુ આખો દિવસ ધ્યાનમાં ડૂબેલો રહેવા લાગ્યો.

હુઐ-જેન્ગે શિષ્ય માત્ઝુને પૂછ્યું, ‘ભાઇ માત્ઝુ, તારા આવા ઊંડા અને લાંબા ધ્યાનથી તું શું મેળવવા ઇચ્છે છે? તારૂં પ્રયોજન શું છે?’

માત્ઝુએ જવાબ આપ્યો, ‘ગુરુજી, ધ્યાન મને પ્રબુદ્ધ કરશે. ધ્યાનથી હું બોધિસત્ત્વ પ્રાપ્ત કરી બુદ્ધ બનીશ.’

હુઐ-જેન્ગના મુખ પર સહેજ સ્મિત ફરકી ગયું. એમણે જમીન પર પડેલી એક ઇંટ ઉપાડી. બાજુના પથ્થર પર એ ઇંટને એ જોર જોરથી ઘસવા માંડ્યા. ઘસાઇ ઘસાઇને ઇંટ પરથી ભર ભર ભુક્કો ખરવા માંડ્યો. ગુરુની આવી નિરર્થક ક્રિયા નિહાળી માત્ઝુને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું.

’ગુરુજી, શા માટે ઇંટને ઘસી ઘસીને એનો ભુક્કો કરી રહ્યા છો?’

હુએ-જેન્ગે જવાબ આપ્યો, ‘હું ઇંટને ઘસીને એનો ભુક્કો નથી કરતો. હું તો ઇંટને પૉલિશ કરી ઇંટમાંથી અરીસો બનાવી રહ્યો છું.’

ગુરુજીના જવાબથી માત્ઝુને વળી ઓર નવાઇ લાગી. એણે કહ્યું, ‘ઇંટને ઘસવાથી તે વળી અરીસો બનતો હશે?’

ગુરુએ જવાબ આપ્યો, ‘ધ્યાનની તીવ્રતા વધાર્યે જવાથી બુદ્ધ બની શકાય તો ઇંટને જોર જોરથી ઘસવાથી ઇંટનો અરીસો કેમ ન બની શકે?’

માત્઱ુ ગુરુનો મર્મ સમજ્યા. શરીર અને ચિત્તને સ્વસ્થ અને એકાગ્ર રાખવા માટે પ્રાણાયામ, ધ્યાન વગેરે ક્રિયાકાંડ ઠીક છે. પણ એવી ક્રિયાઓ માત્રથી કે એના અતિરેકથી ઇશ્વરપ્રાપ્તિ થશે તેમ માનવું ભૂલભરેલું છે. શરીર, મન, ચિત્ત, લાગણી અને કર્મ એ સર્વને અધ્યાત્મના માર્ગમાં પ્રયોજીએ અને સમગ્ર જાતને અધ્યાત્મમાં નિમજ્જ કરીએ ત્યારે ઇશ્વરપ્રાપ્તિ સુલભ બને છે.

અક્ષરનાદ.કોમ

[ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ]

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ